SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR
શીલવૃત્તફલં શ્રુતમ્

# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર
વર્ષઃ ૨૫ અંકઃ ૩ જાન્યુઆરી-એપ્રિલ, ૨૦૧૫ પોષ-વૈશાખ ૨૦૭૦ સળંગ અંકઃ ૨૪૮

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિશ્વવિદ્યાલય વિશેષ | ‘વિભાગ’વૃત્ત | ‘ચૅર’ વૃત્ત | ‘મહાવિદ્યાલય’વૃત્ત | ‘અધ્યાપક’વૃત્ત | વિદ્યાર્થી વિભાગ | ‘સંગ્રહાલય’વૃત્ત |
| ૨ | ૪ | ૯ | ૧૧ | ૧૬ | ૧૯ | ૨૭ |

## વળમાં શાશ્વતીની અનુભૂતિ... મિશ્રા બંધુઓનું હિંદુસ્તાની શાસ્ત્રીય ગાયન...




સરદાર પટેલ યુનિવર્સિટી અને સ્પીકમેકે (SPIC MACAY)ના વલ્લભ વિદ્યાનગર ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના એમ.પી. પટેલ ઓડિટોરિયમ ખાતે ૫ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ હિન્દુસ્તાની શાસ્ત્રીય કંઠ્ય સંગીતનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. એમાં વિશ્વપ્રસિદ્ધ બનારસ ઘરાનાના યુવા ગાયકો સર્વશ્રી રીતેશ મિશ્ર અને રજનીશ મિશ્રએ કંઠ્ય સંગીત પ્રસ્તુત કર્યું હતું. એમાં બનારસ ઘરાનાના સુખ્યાત તબલાવાદક શ્રી વિષ્ણુ સહાયે તબલા સંગત અને શ્રી સુમિત મિશ્રએ હાર્મોનિયમ સંગત કરી હતી. આ સંગીત સંધ્યામાં આ કલાકારોએ ભારતીય શાસ્ત્રીય સંગીતના પરંપરાગત રાગો-પુરિયા ધનાશ્રી તથા ભજન પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમમાં કલાકારોએ શ્રોતાઓ સાથેની પ્રશ્નોત્તરી પણ કરી હતી. તેમજ જય મા સરસ્વતી, સંગીત કી તુ દેવી, સાતો સૂર કો હમ લે કર, કરેં આરાધના તેરી.. ભજન સૌ સહૃદય ભાવકોને ગવડાવ્યું હતું. આ રીતે સમગ્ર કાર્યક્રમનું પરિમાણ બદલાઇ ગયું હતું. તે

## સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૧ |
| ૨. | વિશ્વવિદ્યાલય વિશેષ | ૨ |
| ૩. | 'વિભાગ'વૃત્ત | ૪ |
| ૪. | 'ચૅર'વૃત્ત | ૯ |
| ૫. | 'મહાવિદ્યાલય'વૃત્ત | ૧૧ |
| ૬. | 'અધ્યાપક'વૃત્ત | ૧૬ |
| ૭. | વિદ્યાર્થી વિભાગ | ૧૯ |
| ૮. | 'લોક'વૃત્ત | ૨૫ |


## સંપાદક મંડળ


**પરમ પાઠક**

**દિનેશ કારીઆ**

**ઉજ્જ્વલ ત્રિવેદી**

**હેમન્ત દવે**

**મનીષ સોલંકી**

**ધર્મેન્દ્ર મિસ્ત્રી**

**અર્પિત પાટડિયા**

**જહોન પી. પરમાર**

**નિલેશ શાહ**

**પૃષ્ઠવિન્યાસઃ સુરેશ પટેલ**


## સંપાદકીય નીતિ

'શીલશ્રુતમ્' સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું વૃત્તપત્ર (ન્યૂઝ લેટર) છે.

યુનિવર્સિટી સાથે સંકળાયેલી શૈક્ષણિક સંસ્થાઓ, એમાં કાર્યરત શૈક્ષણિક, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓના સમાચાર શીલશ્રુતમ્માં આવકાર્ય છે.

શીલ શ્રુતમ્ જૂન, ઓગસ્ટ, ઓક્ટોબર, ડિસેમ્બર અને ફેબ્રુઆરીની ૧૫મી પ્રગટ થાય છે. શીલશ્રુતમ્માં પ્રકાશન અર્થે મોકલવાની સામગ્રી પરમ પાઠકને અંક પ્રસિદ્ધિના પંદર દિવસ પૂર્વે મોકલવી. એ પછી આવેલી સામગ્રીનો વિચાર આગામી અંકમાં થશે.

સામગ્રી બને ત્યાં સુધી ટાઇપ કરીને મોકલવી; હસ્તલિખિત સામગ્રીમાં હસ્તાક્ષર સુવાચ્ય હોવા અનિવાર્ય છે. મહત્ત્વપૂર્ણ ઘટના/પ્રસંગના ફોટોગ્રાફની હાર્ડ કોપી મોકલવી, સોફ્ટકોપી નહીં.

શીલશ્રુતમ્ માટે સમાચાર જે તે સંસ્થાના લેટર પેડ પર, જવાબદાર વ્યક્તિના સહીસિક્કા સાથે સંસ્થાના વડા દ્વારા મોકલવાના રહેશે.

શીલશ્રુતમ્માં પ્રગટ થતાં સમાચાર કે અન્ય સામગ્રીની પસંદગી બાબતે સંપાદક મંડળનો નિર્ણય આખરી ગણાશે.

શીલશ્રુતમ્માં પ્રગટ થતાં સર્વ લખાણો, ચિત્રો, ફોટો કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રકાશિત થયા બાદ યુનિવર્સિટી આ સામગ્રીને કોઈપણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરી શકે છે.

શીલશ્રુતમ્માં પ્રગટ થતાં લખાણોમાં વિચાર–

# સંપાદકીય



ભારતીય શિક્ષણ સંસ્થાઓ ગુરુકૂળના રૂપમાં જુદા જુદા ઋષિઓને ત્યાં ચાલતી અને સમર્થ શિક્ષકો સમાજમાં ગુરુ તરીકેનું સ્થાન પામતા. તેઓ સમાજનું ઘડતર કરતા. સાથે સાથે રાજય વ્યવસ્થાથી પર રહીને પણ રાજ્ય વ્યવસ્થાને જરૂર હોય ત્યારે સલાહ સૂચન આપતા. કાળક્રમે ગુરુકૂલ વિશ્વવિદ્યાલયોમાં ફેરવાયાં.નાલંદા વિશ્વવિદ્યાલય તેનું અપ્રતિમ ઉદાહરણ છે. એક વિદ્યાપિઠમાં અનેક શિક્ષકો વિદ્યાર્થીઓનું અને તે પરોક્ષ રીતે સમાજનું ઘડતર કરતા. કાળક્રમે વિદ્યાપીઠ દ્વારા શિક્ષણની પદ્ધતિ અન્ય દેશોમાં પાંગરી.

આધુનિક સમયમાં શિક્ષણ ઉપર નવતર પ્રયોગો સતત ચાલતા રહ્યા છે. કયારેક વાર્ષિક તો કયારેક દ્વિ-સત્ર પદ્ધતિ પરંતુ વર્ગખંડોમાં શિક્ષણ આપવાની રીતમાં જવલ્લે જ કોઇક નાનો ફેરફાર થતો હશે ! છેલ્લા પાંચ દાયકાથી પાટિયા ઉપર લખતો શિક્ષક અને તેમાંથી શબ્દશઃ નોંધપોથીમાં ટપકાવતો વિદ્યાર્થી આપણી શિક્ષણ પદ્ધતિની સ્થિર (static) પ્રણાલિકાનો ભાગ છે. કદાચ વિજ્ઞાનમાં પાટિયાનું સ્થાન કમ્પ્યુટરે લીધું હોય તેમ બને પણ વિદ્યાર્થીનો મૂળભૂત આધાર તો તેની નોંધપોથી જ રહ્યો છે. હવે તો શિક્ષકોના નામથી બનાવેલી નોંધપોથીઓ બજારમાં નકલ કેન્દ્રો પર તૈયાર વેચાય છે.

પરિણામે વર્ષોવર્ષ નોંધપોથીમાં થતા નાના નાના ફેરફારો પણ અદ્રશ્ય થઇ ગયા છે ! આ તમામના કારણે શિક્ષણ પ્રક્રિયાના કેન્દ્રમાં જ્ઞાનનાં બદલે માહિતી, અને તે પણ સ્થિર (static) માહિતી આપેઆપ ગોઠવાઇ ગઇ છે.આ માહિતીનું પોટલું પરીક્ષા સુધી વેંઢારતો વિદ્યાર્થી પરીક્ષાના દિવસે હાશ કહી હરખાય તેમાં સમાજને કે શિક્ષકને ખોટું લગાડવાનો રિવાજ આપણે ઊભો કરવો રહ્યો. શિક્ષણના કારખાનાંમાં તૈયાર થતો વિદ્યાર્થી જ્ઞાનના ફલક પર કોરો કટ રહી બહાર નીકળે તે આપણને પરવડે તેમ નથી.

બીજી તરફ સામાજિક અર્થવ્યવસ્થામાં થયેલાં આમૂલ ઢાંચાકીય પરિવર્તનોનાં કારણે બજાર ગ્રાહકલક્ષી બન્યું છે. ગ્રાહકને આકર્ષવા ઉત્પાદનની વિવિધતા અને નિત નવી સુવિભાઓ ઊભી કરવાનું ઉત્પાદકો માટે અનિવાર્ય બન્યું છે. આ સંજાગોમાં ઉદ્યોગોમાં કામ કરતો કર્મચારી નવું જ્ઞાન પ્રાપ્ત કરી પ્રયોગશીલ ન બને તો ખાનગી ઉદ્યોગો તેને ફરજ મુકત કરતા જરાપણ અચકાતા નથી. છેલ્લા બે થી ત્રણ વર્ષમાં ટાટા કન્સલ્ટની જેવી અગ્રણી કંપનીઓએ એક સાથે હજારોની સંખ્યામાં પોતાના તકનીકી કર્મચારીઓને તેમની બિનઆવડતનું કારણ આપીને ઘર ભેગા કરી દીધા છે. એકલ દોકલ કર્મચારીઓને છુટા કરવાની વાતો તો રોજ બરોજની ઘટના છે. અખબારોના કહેવા મુજબ ભારતીય ઉદ્યોગ જગતમાં માનવ સંસાધનની માંગ દિન પ્રતિદિન વધતી જાય છે. વળી સરકારના make in Indiaના અભિયાન સાથે આ માંગ હજે પણ વધવાની છે. પરંતુ બીજી તરફ આવડતના અભાવે છુટા થતા કર્મચારઓની સંખ્યા પણ વધતી જાય છે. આ પરિસ્થિતિ જોતાં આપણી શિક્ષણ પદ્ધતિ નોંધપોથીમાંથી બહાર નીકળે છે તે અનિવાર્ય છે. શિક્ષણની બીજી એક ખાસિયત એ હોવી જોઇએ કે તે વિદ્યાર્થીને શીખતાં શીખવે. આજના વિદ્યાર્થી તેના ૧૫ થી ૧૭ વર્ષનાં અભ્યાસ ગાળા દરમ્યાન કયાંય પણ શીખવાનું શીખતો નથી. તેને જાતે શીખવા માટે તૈયાર કરવમાં આવતો નથી.બદલાતા જતા સમાજની સાથે તેના રૂઢિ-રિવાજો અને રહન-સહન બદલાય છે. પણ વિદ્યાર્થીના ઘડતરની પ્રક્રિયા એની એજ રહે છે.

આ તમામ વાસ્તવિકતાઓ સાથે ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ આ જ પ્રણાલિકામાંથી પસાર થવા છતા ઝળહળી ઉઠે છે. તેઓ પ્રયોગશીલ પણ હોય છે સ્વાવલંબી પણ હોય છે અને નવું શીખવાની વૃતિ તથા કાબેલિયત ધરાવતા હોય છે. આ પૈકીના ઘણા બધા વિદ્યાર્થીઓ અગમ્ય કારણસર વિદેશ તરફ આકર્ષાઇને દેશ છોડીને જતા રહે છે પરિણામે દેશ બૌદ્ધિક નાણાંથી વંચિત થાય છે. આ સંજોગોમાં જો કોઇક આશા રાખી શકાય તો દેશમાં જ પોતાની જાતને સ્થાપિત કરનાર વૈચારિક રીતે પરિપકવ બુદ્ધિધનો ઉપર નજર ઠરે. આ વિદ્યાચતુરોએ દેશનું ભવિષ્ય ઘડવાની પ્રક્રિયા જયાં થઇ રહી હોય

# વિશ્વવિદ્યાલય વિશેષ

## યુનિવર્સિટીનું નવું સત્તામંડળ... (સિન્ડીકેટ સભ્યશ્રીઓ)
## Date: 1-4-2015 to 31-3-2018

1. Dr. Harish Padh
2. Commissioner, Higher Education
3. Commissioner, Technical Education
4. Commissioner, Health & Medical Services & Medical Education
5. Prof. Urmilaben Harmanbhai Patel
6. Dr. Dilip Jayrambhai Chauhan
7. Dr. Mohanbhai Chhaganbhai Patel
8. Dr. Hari Hemraj Desai
9. Shri Rajendrakumar Jaydevbhai Barot
10. Dr. Indrajit N. Patel
11. Shri Bipinchandra P. Patel
12. Shri Ketankumar P. Patel
13. Shri Gadhavi Ghanshyamsinh Narsinh
14. Shri Parth B. Patel
15. Dr. Shirish H. Shrivastava
16. Shri Premchand Morarbhai Korali
17. Shri Pragneshkumar A. Patel
18. Ms. Dipikaben Bhupendrabhai Patel
19. Dr. Bhaveshbhai D. Patel
20. Shri Devangbhai Rameshbhai Patel
21. Shri Girish B. Jani
22. Dr. Farokh Sorabji Umrigar
23. Shri Rajni Patel
24. Dr. N. V. Shastri
25. Shri Nilesh Jayantibhai Patel
26. Shri Yogendrasinh Solanki

- સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ખાતે તરણકુંડ (સ્વિમિંગ પુલ) બનાવવા માટે વિશ્વવિદ્યાલ અનુદાન આયોગે ૨૨૫ લાખ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યું છે.
- અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના વડા તરીકે ડૉ. કે. એસ. લિખિયાની ૧ માર્ચ ૨૦૧૫થી પાંચ વર્ષ માટે નિમણૂંક કરવામાં આવી છે.
- ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ભીખાભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન હ્યુમેનિટિઝ, આણંદમાં આચાર્ય તરીકે ડૉ. ભગવાનભાઈ જીવાભાઈ સોલંકીની નિમણૂક કરવામાં આવી છે.
- ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિષયની અભ્યાસ સમિતિની ૨૩ માર્ચ ૨૦૧૫થી ત્રણ વર્ષ માટે પુનઃરચના કરવામાં આવી છે. એના અધ્યક્ષ તરીકે પ્રો. ડૉ. ડી. આઈ. બ્રહ્મભટ્ટની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે.
- શ્રીમતી રમાબહેન મૂળજીભાઈ શંકરભાઈ પટેલ (નરસંડા/મુંબઈ/યુ.એસ.એ.) તરફથી Master of Public Administration (M.P.A.) અને B.Sc. Medical Technology (MT) માં સરદાર પટેલ યુનિવર્સિટીની પરીક્ષામાં ફક્ત બાહ્ય થિયરી (External Theory Only), બધાં સત્ર/વર્ષના ભેગાં મળી અને દરેક સત્ર/વર્ષમાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર અને સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને ‘શ્રીમતી રમાબહેન મૂળજીભાઈ શંકરભાઈ

પટેલ (નરસંડા/મુંબઈ/યુ.એસ.એ.) સુવર્ણ ચંદ્રક' યુનિવર્સિટીના આગામી પદવીદાન સમારંભમાં એનાયત કરવામાં આવશે. આ માટે શ્રીમતી રમાબહેન મૂળજીભાઈ શંકરભાઈ પટેલ ૯૦ વર્ષની વયે જાતે પધારીને રૂા. ૫,૦૨,૦૦૦/-નું દાન આપ્યું હતું. આ માટે યુનિવર્સિટી એમનો વિશેષ આભાર માને છે.

- સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા નેશનલ સાયન્સ ડેની ઉજવણીના ભાગ રૂપે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિજ્ઞાન વિભાગો તથા યુનિવર્સિટીની સાયન્સ કોલેજોના સંશોધન ક્ષેત્રે આગવી સિદ્ધિ મેળવનારા અધ્યાપકો તથા વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. વળી, વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રે આગવું પદાર્પણ કરનારક અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટીના

## સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

સરદાર પટેલ યુનિવર્સિટીની સ્થાપના ૧૯૫૫માં થઈ હતી. હાલ સરદાર પટેલ યુનિવર્સિટી એની સ્થાપનાના ૬૦મા વર્ષને હીરક જયંતી તરીકે ઉજવી રહી છે ત્યારે યુનિવર્સિટીની આર્થિક સધ્ધરતા માટે વિવિધ પ્રવૃત્તિઓના અમલીકરણ માટે મળી રહેલાં દાન અને અનુદાનની વિગતો નીચે મુજબ છે.

૧) શ્રી દેવાંગભાઈ પટેલ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટી સેન્ટર ઓફ ઇન્ટરડિસિપ્લિનરી સ્ટડીઝ ઇન એપ્લાઇડ સાયન્સિસ માટે કુલ રૂા. ૨ કરોડનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું. એ પૈકી યુનિવર્સિટીને રૂા. ૧,૯૫,૩૦,૦૪૮/-નું દાન પ્રાપ્ત થયું છે.

૨) શ્રીમતી રમાબેન મૂળજીભાઈ શંકરભાઈ પટેલ, નરસંડા તરફથી એમ.પી.એ. તથા બી.એસસી. (એમ.ટી) માટે ના સુવર્ણચંદ્રક એનાયત કરવા રૂા.૫,૦૨,૦૦૦/-નું દાન યુનિવર્સિટીને પ્રાપ્ત થયું છે.

૩) શ્રી પી.એમ. પટેલ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ તથા શ્રી બિપીનચંદ્ર પી. પટેલ તેમજ શ્રી પાર્થ બી. પટેલ દ્વારા યુનિવર્સિટીને કુલ રૂા.૨૬.૦૦ લાખનું દાન મળ્યું છે.

૪) ભારત સરકારની વિવિધ યોજનાઓ પૈકી 'રૂસા'ની યોજના માટે કેસીજી ગુજરાત સરકારના માધ્યમથી કુલ રૂા.૨૦ કરોડનું અનુદાન સરદાર પટેલ યુનિવર્સિટી માટે મંજૂર કરવામાં આવ્યું હતું એમાં ચાલુ નાણાંકીય વર્ષ માટે રૂા.૧૦ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી રૂા. ૬ કરોડ ૨૫ લાખ રૂપિયાનું અનુદાન તાજેતરમાં યુનિવર્સિટીને પ્રાપ્ત થયું છે. અને બાકી રહેલી તફાવતની રકમ પણ યુનિવર્સિટીને સત્વરે પ્રાપ્ત થાય તેવી સંભાવના છે. આ ઉપરાંત આગામી નાણાંકીય વર્ષ દરમ્યાન પણ યુનિવર્સિટીને ૧૦ કરોડનું અનુદાન પ્રાપ્ત થશે. 'રૂસા' તરફથી મંજૂર કરાયેલ આ અનુદાનનો ઉપયોગ યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક ભવનો તથા યુનિવર્સિટીના વહીવટી વિભાગોને અદ્યતન સુવિધા સજ્જ બનાવવા માટે કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સરદાર પટેલ યુનિવર્સિટી હસ્તક એકેડેમિક સ્ટાફ કોલેજ માટે પણ 'રૂસા' તરફથી રૂા. ૨૧,૫૭,૦૦૦/-નું અનુદાન મંજૂર કરી ફાળવી આપવામાં આવ્યું છે.

૫) ગુજરાત સરકાર તરફથી યુનિવર્સિટીઓનાં વિવિધ શૈક્ષણિક ભવનો તથા યુનિવર્સિટી વહીવટી વિભાગોને અદ્યતન સુવિધા સજજ બનાવવા માટે રૂા.૧૦ કરોડનું ખાસ અનુદાન ચાલુ નાણાંકીય વર્ષમાં મંજૂર કરવામાં આવેલ છે.

આમ સરદાર પટેલ યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક વિભાગો અને યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે દાતાશ્રીઓ

# 'વિભાગ' વૃત્ત

- **અનુસ્નાતક અંગ્રેજી વિભાગ**માં યુનિવર્સિટીની શ્રી ઈશ્વરભાઈ અંબાલાલ પટેલ શેરથા વિઝિટિંગ ફેલોશીપ પ્રોગ્રામ અન્વયે તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ મુંબઇના સંશોધક વિદ્વાન મુરલી રંગનાથનનું મિર્ઝા મોહમ્મદ હાદી રુસ્વાકૃત ઉર્દૂ નવલકથા ઉમરાવજાન અદા અને એનું ચલચિત્રીકરણ વિષય ઉપર તજ્જ્ઞ વ્યાખ્યાન રજૂ કર્યુ હતુ. વ્યાખ્યાન દરમ્યાન શ્રી મુરલીએ ઉર્દૂ નવલકથામાંથી મૂળ પાઠનું વાચન કરી અને એનો અંગ્રેજી/હિન્દી અનુવાદ પણ પ્રસ્તુત કર્યો હતો.

- અનુસ્નાતક ઇતિહાસ વિભાગમાં તા. ૯ અને ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન ૧૯મી ને ૨૦મી સદી દરમ્યાન ગુજરાતમાં ઇતિહાસલેખન વિષય ઉપર બે દ્વિવસીય પરિસંવાદ યોજાઈ ગયો. આ પરિસંવાદમાં ગુજરાત ને મુંબઇના વિદ્વાન વકતાઓએ તજજ્ઞ વ્યાખ્યાનો આપ્યાં હતાં એ સિવાય ગુજરાતની વિવિધ કોલેજમાંથી મોટી સંખ્યામાં અધ્યાપકોએ શોધપત્રોનું વાચન કર્યુ હતું.

  આ જ વિભાગમાં શ્રી ઈશ્વરભાઈ અંબાલાલ પટેલ શેરથા વિઝિટિંગ ફેલોશીપ પ્રોગ્રામ અન્વયે તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. ભરત મહેતાનાં ભારતમાં માકસવાદી વિચારણા અને મૂડીવાદ વૈશ્વિકીરણ અને એના ત્રીજા વિશ્વ ઉપર પડેલાં પરિણામો - આ વિષયો ઉપર વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું.

  આ જ વિભાગમાં એકસચેઇન્જ ઓફ ટીચર્સ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. અરુણ વાઘેલાએ તા. ૧૮-૧૯ ફેબ્રુઆરીના રોજ 'આદિવાસી આંદોલનોની પૃષ્ઠભૂમિ' અને 'દેવી આંદોલન (૧૯૨૨-૨૩)' વિષયો ઉપર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પ્રાધ્યાપક ડૉ. કલ્પા માણેકે તા.૨૧-૨૨ જાન્યુઆરી દરમ્યાન 'ઠંડુ યુદ્ધ' અને 'સંયુકત રાષ્ટ્રસંઘ'ની સિદ્ધિઓ વિષય ઉપર તથા એ જ યુનિવર્સિટીનાં ડૉ. પ્રફુલ્લા રાવલે તા. ૧૯-૨૦ જાન્યુઆરીના રોજ 'ભારતમાં રાજ્ય' વિષય ઉપર વ્યાખ્યાનો આયા હતાં.

  તા. ૨૪-૨૮ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન વિભાગના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો, જેમાં પોરબંદર (કીર્તિમંદિર, કસ્તૂરબાનું નિવાસસ્થાન,વૈષ્ણવ હવેલીઓ અને પ્રણામી મંદિર), સોમનાથ (મંદિર અને જૂનાં સ્થાપત્યો), દીવ (કિલ્લો તથા સંગ્રહાલય), જૂનાગઢ (ઐતિહાસિક સ્થળો અને મધ્યુગીન સ્થાપત્યો) અને હડપ્પીય પુરાસ્થળ લોથલની અધ્યયન મુલાકાત લેવામાં આવી હતી.

- પાલિ પ્રાકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગના ઉપક્રમે તા.૨૭-૨-૨૦૧૫ના રોજ પ્રો. ડૉ. જયપ્રકાશ નારાયણ દ્વિવેદી (નિયામકશ્રી, દ્વારકાધીશ સંસ્કૃત અકાદમી)નું 'સાહિત્યશાસ્ત્રમાં રસનિરૂપણ' એ વિષય પર મનનીય વ્યાખ્યાન યોજવામાં આવ્યુ હતું, તથા તા. ૨-૩-૨૦૧૫ના રોજ મણિલાલ હ. પટેલના અધ્યક્ષસ્થાને એક વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આર્ટસ કોલજ, માણસાના પ્રિન્સિપાલ ડૉ. હાસ્યદા પંડયાનું 'વેદોમાં માનવજીવન અને સાંપ્રત સમયમાં તેનું મહત્ત્વ' એ વિષય પર તથા ડૉ. હસમુખ બારોટ (આર્ટસ કાલેજ, ઈડર)નું 'હિન્દી ઉપન્યાસ કે સરોકાર' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. અધ્યક્ષ સ્થાનેથી મણિલાલ હ. પટેલે કવિતાના સ્વરૂપ વિશે વકતવ્ય આપ્યું હતું.

  આ જ વિભાગમાં તા. ૨૪-૨-૨૦૧૫ના રોજ પ્રો. ડૉ. લક્ષ્મેશભાઈ જોષી, (ડી.લિટ્, નિવૃત્ત અધ્યક્ષ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)ના અધ્યક્ષસ્થાને વ્યાખ્યાનો યોજાયાં હતાં. અધ્યક્ષસ્થાનેથી તેમણે ભારતીયદર્શનમાં જ્ઞાનમીમાંસાના સ્વરૂપની ચર્ચા વિચારણા કરી. સાધકે અધ્યાત્મવિદ્યા કેળવવી આવશ્યક છે એમ જણાવી જ્ઞાન એ તો આંતરિક પ્રક્રિયા છે. તેને સતત જાગૃત કરવી જોઈએ એવો એમનો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સારસ્વત વક્તા તરીકે ઉપસ્થિત પ્રો. ડૉ. નરેશ વેદ (પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી), જૈનદર્શનમાં જ્ઞાનમીમાંસા વિશે વક્તવ્ય આપ્યું હતું. એમણે જણાવ્યું હતું કે અરિહંત થવાય તો જ કષાયો દૂર થઈ શકે. તા. ૨૫-૨-૨૦૧૫ના રોજ પ્રો. ડૉ. વિજયભાઈ પંડ્યાએ (રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન) ઐતિહાસિક પરિપ્રેક્ષ્યને નજર સમક્ષ રાખીને જણાવ્યું હતું કે જ્ઞાનની પરિણિતિ અનુભવમાં થવી જોઈએ અને જ્ઞાન તરફના અભિગમ પર ભાર મૂક્યો હતો, બૃહદારણ્યક ઉપનિષદ્‌નું ઉદાહરણ આપી, જ્ઞાન અવસ્થામાં ''વેદાઃ અવેદાઃ ભવન્તિ'' એમ જણાવ્યું હતું. બીજા સારસ્વત વક્તા પ્રો. ડૉ. મહેશચન્દ્ર યાજ્ઞિક (શિક્ષણશાસ્ત્ર વિભાગ, સ.પ. યુનિવર્સિટી) ભારતીય દર્શનમાં તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા, મૂલ્યમીમાંસા અને સૌંદર્યમીમાંસાની ચર્ચા વિચારણા કરી અંતિમ સત્તા આત્મતત્ત્વની છે તેમ જણાવ્યું હતું. અન્ય સારસ્વત વક્તા તરીકે ડૉ. મહેન્દ્ર ચોટલિયા (શિક્ષણશાસ્ત્ર વિભાગ, સ.પ. યુનિવર્સિટી) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રશ્નોત્તરી શૈલીમાં ઉદાહરણો આપીને વિદ્યાર્થીઓ સમજી શકે તે રીતે બૌદ્ધદર્શનની જ્ઞાનમીમાંસા અંગે ચર્ચા વિચારણા કરી હતી.

પાલિ-પ્રાકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર તથા શંકરાલોક આશ્રમ, ઉવારસદ (જિલ્લો-ગાંધીનગર)ના સંયુક્ત ઉપક્રમે ''શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વક્તવ્ય પ્રતિયોગિતા''નું આયોજન તા. ૧૯-૦૧-૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. પ્રતિયોગિતાનો વિષય ''શ્રીમદ્‌ભગવદ્‌ગીતા સફળ જીવનનો આધાર'' હતો. આ સ્પર્ધામાં સરદાર પટેલ યુનિવર્સિટીનાં વિવિધ કોલેજો અને ભવનોમાંથી ૨૧ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે તુષાર દીપસિંગ શેઠી તથા દ્વિતીય ક્રમાંકે શ્રી ધાર્મિક જોશી તથા સોનાલી રાવલ વિજેતા જાહેર થયાં હતાં. સ્પર્ધામા નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. રાજુભાઈ રાઠોડ તથા પ્રા. ડૉ. પિનાકીનપ્રસાદ યાજ્ઞિક ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રતિયોગિતામાં શકરાલોક આશ્રમ તરફથી શ્રી સુધીરભાઈ શ્રોફ, શ્રી રાજન જાની, શ્રીમતિ અર્ચનાબેન શ્રોફ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રતિયોગિતાના અધ્યક્ષ તરીકે પ્રો. દયાશંકર ત્રિપાઠી (અધ્યક્ષ હિન્દી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતા મારી દૃષ્ટિએ એ વિષયને ગીતા સફળ જીવનનો આધાર કઈ રીતે બને તે અંગેના પોતાના વિચારો રજૂ કર્યા હતા.

- મહાત્મા ગાંધીજીના ૬૭માં **'શહિદ દિન'** નિમિત્તે **અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ**, સરદાર પટેલ યુનિર્સિટી, વલ્લભવિદ્યાનગર ખાતે તારીખ ૩૦ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ ''સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં શિક્ષણશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. કે. એસ. લિખિયાએ કાર્યક્રમની રૂપરેખા સૂચવી હતી. ત્યારબાદ ડૉ. એમ. કે. યાજ્ઞિકે ગાંધીજીના સ્વચ્છતાના વિચારો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા હતા. આ શહીદ દિન નિમિત્તે તમામ વિદ્યાર્થીઓ, અધ્યાપન ગણ તથા બે મિનિટ મૌન ધારણ કર્યું હતું. ત્યારબાદ તમામ કર્મચારીઓએ સામૂહિક સ્વચ્છતાની પ્રતિજ્ઞા લીધી હતી.

  આ જ વિભાગ દ્વારા તા. ૧૨-૧-૨૦૧૫ને સોમવારના રોજ સ્વામી વિવેકાનંદની ૧૫૨મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. પ્રો. મહેશચન્દ્ર કા. યાજ્ઞિકે સ્વામી વિવેકાનંદનાં જીવન મૂલ્યો, સ્વભાવ, નીડરતા, ચિત્તવૃત્તિ પર વિદ્યાર્થીઓને સમજ આપી હતી. ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયાએ સ્વામી વિવેકાનંદ રચિત વાર્તા બોધમાંથી મળતો તર્ક વિચાર રજૂ કર્યો હતો અને ડૉ. પ્રભાત એમ કાસરાએ સ્વામી વિવેકાનંદના પ્રાસંગિક ઘટનાઓ રજૂ કરી હતી.

- અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કરતાં એમ.કોમ. બીજા અને ચોથા સત્રનાં કુલ ૧૦૫ વિદ્યાર્થીઓએ તા. ૯-૧-૨૦૧૫નો શુક્રવારના રોજ ઈન્ડસ્ટ્રિયલ વિઝિટના ભાગ રૂપે છત્રાલ જી.આઈ.ડી.સી. અને ગાંધીનગર અક્ષરધામની મુલાકાત લીધી હતી.

  આ જ વિભાગમાં તા. ૧૭-૧-૨૦૧૭નાં રોજ WTO and International Trade and Finance: Main Issues વિષય પર યુજીસી અનુદાનિત એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. સી. કે. સોનારા, પ્રોફેસર-ઇકોનોમિક, UNCTAD, Geneva,

S w i t z e r l a n d, પ્રો. એચ. વી. વ્યાસ Prof. (Dr.) P. H. Vyas, Pro Vice-Chancellor, The M.S. University of Baroda. પધાર્યા હતા. સેમિનારમાં વિવિધ તજજ્ઞો દ્વારા પેનલ ચર્ચા રાખવામાં આવી હતી તેમાં પ્રો. એચ. વી. ત્રિવેદી (સ.પ. યુનિવર્સિટી), પ્રો. સી. કે. પટેલ, પ્રો. એસ. એસ. કલમકર (સ. પ. યુનિવર્સિટી) અને પ્રો. શિરીષ કુલકર્ણી (મ. સ. યુનિવર્સિટી) વગેરે તજજ્ઞોનોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ ચર્ચામાં નિર્ણાયક તરીકે અને ટેકનિકલ સેશનના ચેરમેન તરીકે ડૉ. ઉમેશ ડાંગરવાલા (મ. સ. યુનિવર્સિટી) અને અહેવાલ લેખક તરીકે ડૉ. યજ્ઞેશ દલવાડીએ ફરજ બજાવી હતી. આ સેમિનારમાં અંદાજે ૩૦૦ થી વધુ અધ્યાપકમિત્રો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ જ વિભાગમાં તા. ૧૯-૧-૨૦૧૫નાં રોજ ડૉ. સી. કે. સોનારા, પ્રોફેસર-ઈકોનોમિક, UNCTAD. Geneva. Switzerlandનું શ્રી ઈશ્વરભાઈ અંબાલાલ પટેલ વિઝિટિં ફેલોશીપ અંતર્ગત વ્યાખ્યાન યોજાયું હતું.

- **અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ,** સરદાર પટેલ યુનિવર્સિટીમાં તા. ૩૦-૧-૨૦૧૫નાં રોજ ગાંધીનિર્વાણ દિન અને સફાઈની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એમ.કોમ અને એમ.ફીલના વિદ્યાર્થીઓ અને વિભાગના અધ્યાપકોએ શપથ ગ્રહણ કર્યા હતા. તે જ દિવસે વિભાગમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

  રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઓફ બિઝનેસ સ્ટડીઝમાં 'શિખર'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝના ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં Creativity Meets Madness Events માં બંસરી ભટ્ટ, કૃણાલ પાઠક, સલોની રોજગાર, કુલદીપ ધીલ્લોન, કશ્યપ રાવલ પ્રથમ ક્રમાંકે રહ્યા હતાં. જ્યારે One Minute Game માં દિવ્યાંક પટેલ, તાજ, નિરજ, બ્રિજેશ, ઉર્વેશ, ભાવીક બીજા ક્રમાંકે રહ્યાં હતાં. Double Extempore Speech માં બંસરી ભટ્ટ બીજા ક્રમાંકે વિજયી રહ્યાં હતાં.

  આ જ વિભાગના ચાર રીસર્ચ સ્કોલર ગૌરાંગ બારોટ, પાર્થ ભટ્ટ, નિલેશ શાહ અને નરેન્દ્ર રાજ ઓક્ટોબર ૨૦૧૪માં લેવાયેલ જીસેટ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે.

  આ વિભાગમાં તા. ૧૬-૨-૨૦૧૫ને સોમવારનાં રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસર અને હેડ (ડૉ.) દક્ષાબેન ગોહેલે એમ. કોમ.ના વિદ્યાર્થીઓને કારકિર્દી આયોજન અંગે વ્યાખ્યાન આપ્યું હતું.

- स्नातकोत्तर हिन्दी विभाग **में ९-१० जनवरी २०१५ को विभागीय छात्र-छात्राओं का प्रवास सोमनाथ और दीव** गया ।

  ३० जनवरी २०१५ को आठ छात्र-छात्राओंने 'महात्मा गांधी और सफाई' चित्र स्पर्धा में भागीदारी की और उसी दिन विभाग में डॉ. दयाशंकर 'महात्मा गांधी और सफाई' पर छात्र-छात्राओं को एक वक्तव्य भी दिया ।

  ३०-३१ जनवरी को हिन्दी के प्रसिद्ध कवि डॉ. सुल्तान अहमद का श्री इश्वरभाई अंबालाल पटेल विजिटिंग प्रोफेसर कार्यक्रम के अन्तर्गत कथासाहित्य और नागार्जुन मुक्तिबोध की कविताओं पर हिन्दी विभाग में व्याख्यान कराया गया ।

- **અનુસ્નાતક ગુજરાતી વિભાગ,** સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી વયોચિત નિવૃત્ત થતા એસોસિયેટ પ્રોફેસર ડૉ. જયેન્દ્ર શેખડીવાળાના વિદાયનો વિશેષ કાર્યક્રમ 'ભાવવિશેષ' તાજેતરમાં યોજાઈ ગયો. આ નિમિત્તે અનુસ્નાતક ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓએ ડૉ. જયેન્દ્ર શેખડીવાળાના સમગ્ર જીવન અને કાર્યને આવરી લેતી એક દસ્તાવેજી ફિલ્મ બનાવી હતી. આ કાર્યક્રમમાં અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં સુદીર્ઘ સેવા આપનારા નિવૃત્ત પ્રો.



- **અનુસ્નાતક ગુજરાતી વિભાગ** અને **શ્રી ઝવેરચંદ** મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે ૩૦, ૩૧ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ 'લોકકળાઓનો આંતરકળાકીય સંબંધ' વિષય પર એક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન થયું હતું. આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. હરીશ પાઢે કર્યું હતું. આ પરિસંવાદમાં ડૉ. નરેશ વેદ, ડૉ. સત્યદેવ ત્રિપાઠી, ડૉ. અંબાદાન રોહડિયા, ડૉ. પારુલ શાહ, ડૉ. અશ્વિનીકુમાર સિંઘ, રતિલાલ કાંસોદરિયા, કનુ પટેલ

- સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપક્રમે ૨ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ **અનુસ્નાતક ગુજરાતી વિભાગ** ખાતે શ્રી ભાઈકાકા ગુજરાતી ચર્ચાસ્પર્ધાનું આયોજન થયું હતું. આ ચર્ચાસ્પર્ધાનો વિષય હતો, 'સામ્પ્રત સમાજમાં માનવવિદ્યાનું ભાવિ'. આ સ્પર્ધામાં ધરવ બારોટ (અનુસ્નાતક ગુજરાતી વિભાગ, એમ.એ. સેમ.-૨) પ્રથમ વિજેતા જાહેર થયા હતા. શ્રીમતી કમલાબહેન પી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફિઝિયોથેરાપીના વિદ્યાર્થિની કૃપા એન. પટેલ દ્વિતીય ક્રમે



- **અનુસ્નાતક ગુજરાતી વિભાગ**માં ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ જટાયુ કાવ્યસંગ્રહ અને સર્જનપ્રક્રિયા અંગે સિતાંશુ યશશ્ચંદ્રનું વ્યાખ્યાન યોજાયું હતું.



- **અનુસ્નાતક ગુજરાતી વિભાગ** અને **ગુજરાતી** સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે પાઠરૂપાંતરણ : સિદ્ધાંત અને પ્રક્રિયા અંગે ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ એક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન થયું હતું. આ પરિસંવાદનું બીજરૂપ વક્તવ્ય પ્રો. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ આપ્યું હતું. આ પરિસંવાદમાં પ્રો. મહેન્દ્રસિંહ પરમાર, સતીષ વ્યાસ, જાવેદ ખાન, અભિજિત વ્યાસે મેનાગુર્જરી, વિક્રમ વેતાલ, પિગ્મેલિયન



- **અનુસ્નાતક ગુજરાતી વિભાગ** ખાતે ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ ધ આર્ટ ઓફ લીટરરી એડપ્ટેશન અંગે યુ.જી.સી. અનુદાનિત રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદનું બીજ વ્યક્તવ્ય પ્રો. સિતાંશુ યશશ્ચંદ્રએ આપ્યું હતું. આ પરિસંવાદમાં પ્રો. પ્રબોધ પરીખે પથેર પાંચાલી, પ્રો. ભરત મહેતાએ અગ્નિ અને વર્ષા, સત્યદેવ ત્રિપાઠીએ એક ચદ્દર મૈલી સી, દીપક સોલીયાએ ગર્મ હવા, બકુલ ટેલરે બનગરવાડી અને દષ્ટિ પટેલે રાજમાતા

- **એગ્રોઈકોનોમીક રીસર્ચ સેન્ટર**, સરદાર પટેલ યુનિવર્સિટીમાં કોસ્ટ ઓફ કલ્ટીવેશન સ્કીમના ફિલ્ડ સ્ટાફ માટે તા. ૨૫-૨-૨૦૧૫ થી ૫-૩-૨૦૧૫ દરમિયાન કાર્યશાળા-તાલીમત કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રાલય દ્વારા વિકસાવેલ નવા પત્રકોમાં કૃષિ વિષયક આંકડાકીય માહિતીને વિગતે નોંધવાની સંપૂર્ણ તાલીમ ડૉ. એસ.આર. ભૈયા (ફિલ્ડ ઓફિસર) એ ડૉ. એસ.એસ. કલમકર (માનદ્ નિયામક)ના માર્ગદર્શન હેઠળ આપવામાં આવી હતી. આ ટ્રેનીંગ કાર્યક્રમ દરમ્યાન ૫૦ થી વધુ ફિલ્ડ સ્ટાફે ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. આ તાલીમથી ફિલ્ડ સ્ટાફને નવી પદ્ધતિ પ્રમાણે કામગીરી બજાવામાં અને આંકડાકીય માહિતી નોંધવામાં ખૂબ જ મદદરૂપ બનશે.

- The 2nd H.M. Patel Memorial Lecture was organized by Post-Graduate **Department of Economics** and **Agro-Economic Research Centre (AERC)** of Sardar Patel University on February 11, 2015 at 11.30 am in Seminar Hall of the Department. Dr. V. S. Vyas (Former Member, Economic Advisory Council of Prime Minister of India & Emeritus Professor, IDS, Jaipur, Rajasthan) delivered the lecture on" Transrforming Higher Education in India - From Blind Alley to Knowledge Highway". Dr. Harish Padh Honorable Vice-Chancellor of Sardar Patel University, presided over the function. Dr. Dilip Chauhan (Professor and Head of Economics Department and Converner of Lecture Series) welcomed the gathering. Dr. Mahesh Pathak introduced the speaker and topic of the lecture. Dr. Padh gave his remarks after the lecture. Dr. S. S. Kalamkar (Director, AERC) proposed the vote of thanks. Dr. Amrita Patel, Dr. Mohan Patel (Registrar/OSD, SPU), Prof. P. K. Singh, Faculty of Department, AERC and CCS and students were present. The H.M. Patel Memorial Lecture Series was instituted in 2014 with the help of generous endowment grant given by Dr. Mahesh Pathak (Former Professor and Head, Department of Economics and presently Hon. Adviser, AERC).

- The Cost of Cultivation Scheme for Gujarat, **Agro-Economic Research Centre of Sardar Patel University**, Vallabh Vidyanagar had organized a three-days Annual Conference of the Gujarat Economic Association (GEA), during February 13-15, 2015 at Sardar Patel University. Dr. Harish Padh, Honorable Vice-Chjancellor of Sardar Patel University, inaugurated the conference. Dr. Alakanandaben Patel was the chief guest of function. Dr. Mohan Patel gave the brief information about GEA. Dr. Rohit Shulka, President, GEA addressed the gathering. Prof. A. A. Shaikh, Visiting Faculty of B. K. School of Business Management, Gujarat University, Ahmedabad delivered the Presidential Address on "Financial Crisis and Reemergence and Relevance of Keynes : Macroeconomic Mess". Dr. S. S. Kalamkar (Director, AERC) welcome the gathering and Dr. S. R. Bhaiya (FO, CCS) Proposed the vote of thanks. More than 400 participants from different Universities/Institutions have participated in this conference. During the conference two memorial lectures were arranged. Prof. I. G. Patel Memorial Lecture was deliversed by Dr. Indira Hirway (Director and Professor, Center for Development Alternatives, Ahmedabad) on 'Need to Expand Concept of Labour, Labour-Force and Employment.' Prof. B. R. Shenoy Memorial Lecture was delivered by Dr. M. Govinda Rao (Emeritus Professor, National

# 'ચૅર' વૃત્ત

- અનુસ્નાતક ઇતિહાસ વિભાગમાં તા. ૧૩ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ **સરદાર પટેલ અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર)** અન્વયે ગુજરાતના ઇતિહાસને લગતી સાધનસામગ્રી(૧૯મી અને ૨૦મી સદી) વિષય ઉપર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં પ્રો. મકરંદ મહેતા દિલ્હી, મુંબઇ, પૂના અને ગોવાના દફ્તર ભંડારો વિશે, પ્રો. એસ.વી. જાનીએ સૌરાષ્ટનાં દફ્તર ભંડારો વિશે, પ્રો. બિંદુવાસીની જોષીએ ગુજરાત-વિધાપીઠ ગ્રંથાલય અને દફતરો વિશે પોતાનાં તજજ્ઞ વ્યાખ્યાનો રજૂ કર્યાં હતાં.

- સરદાર પટેલ યુનિવર્સિટીમાં પૂજ્યશ્રી મોટા શિક્ષણ - ચિંતન વિસ્તરણ પીઠ ઉપક્રમે શિક્ષણ-ચિંતનના પ્રચાર પ્રસાર અને અભ્યાસ અંગે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. તે અનુસંધાને તા. ૧૭-૧-૨૦૧૫ને શનિવારના રોજ શૈક્ષણિક સંશોધન અને પરિવર્તન' વિષય પર એકદિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

  આ પરિસંવાદ (૧) સંશોધન પરના અનુભવોનું આદાન પ્રદાન (૨) સંશોધન સમસ્યાની ઓળખ માટેની જરૂરિયાત (૩) જ્ઞાન સર્જન માટે ધ્યાનમાં રાખવાની પાયાની બાબતો (૪) સંશોધન કાર્યના ચાવીરૂપ પાસાંઓ (ચર્ચા) પર યોજાયો હતો. પ્રારંભમાં પૂજ્ય મોટા શિક્ષણચિંતન વિસ્તરણ પીઠના ડૉ. મહેશચન્દ્ર યાજ્ઞિકે પીઠના હેતુઓ જણાવ્યા હતા. આ પ્રસંગે ચાવીરૂપ વ્યાખ્યાન એમ. એસ. યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રો. રમેશચન્દ્ર જી. કોઠારીએ આપ્યું હતું. શિક્ષણશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. કાંતિભાઈ એસ. લિખિયાએ વર્તમાન સંશોધનમાં પરિવર્તન લાવવાની ચાવીરૂપ બાબતો જણાવી હતી. શ્રી પૂજ્ય મોટા ચેરના અધ્યક્ષ ડૉ. મહેશચન્દ્ર કા. યાજ્ઞિકે શિક્ષણ સંશોધનનાં વર્તમાન પ્રવાહો અને સમસ્યા પર રજૂઆત અને ચર્ચા કર્યાં હતાં. આ ઉપરાંત ડૉ. એન.આર. પટેલ, પ્રિન્સિપાલ, એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, પોતાના વિચારો રજૂ કર્યા હતા.

**શ્રી અરવિન્દ ચેર ઓફ ઈન્ટિગ્રલ સ્ટડીઝના** ઉપક્રમે ''નિબંધ સ્પર્ધા'' યોજાઈ હતી. તેનું પરિણામ આ મુજબ છે.

| **પારિતોષિક ક્રમાંક** | **રકમ રૂા.** | **વિજેતા થયેલ વિદ્યાર્થીઓનાં નામ** | **સંસ્થાનું નામ** |
|---|---|---|---|
| **(૧) સ્નાતક કક્ષાના વિજેતા** | | | |
| પ્રથમ | ૧૦૦૦/- | મેઘા રાણા | શ્રીમતિ કમલાબહેન પી. પેટલ ઈન્સ્ટિ. ઓફ ફિજિયોથેરોપી, આણંદ |
| દ્વિતિય | ૭૫૦/- | મેઘા પી. બુધવાની | શ્રીમતિ કમલાબહેન પી. પેટલ ઈન્સ્ટિ. ઓફ ફિજિયોથેરોપી, આણંદ |
| તૃતિય | ૫૦૦/- | ફાલ્ગુની એચ. દલવાડી | આણંદ ઈન્સ્ટિ. ઓફ બિઝનેસ સ્ટડીઝ આણંદ |
| **(૨) અનુસ્નાતક કક્ષાના વિજેતા** | | | |
| પ્રથમ | ૧૦૦૦/- | આકાશ એમ. પુરોહિત | અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગ સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર |
| દ્વિતિય | ૭૫૦/- | સાગરકુમાર બી. પટેલ | એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ |
| તૃતિય | ૫૦૦/- | પ્રિન્સ આર. પટેલ | શ્રી ડી. એન. ઈન્સ્ટિ. ઓફ પી. જી. સ્ટડીઝ ઇન કોમર્સ, આણંદ |



- ૫ થી ૭ ડિસેમ્બર દરમિયાન **શ્રી અરવિન્દ ચેર ઓફ ઈન્ટિગ્રલ સ્ટડીઝ**ના ઉપક્રમે એક યુવા શિબિરનું આયોજન થયું હતું. એમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજો, અનુસ્નાતક વિભાગોના ૩૭ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ શિબિરમાં શ્રી માતાજીના એક વાર્તાલાપ 'જીવનનું શાસ્ત્ર' (The Science of Living)નું સઘન અધ્યયન કરવામાં આવ્યું. શિબિરમાં પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ કરમસદના ડીન ડૉ. ઉત્પલા ખારોડ. ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ, ડૉ. રાજેશ્વરી સિંગ, ડૉ. વિભા વૈષ્ણવ, ડૉ. પરમ પાઠકે જુદા જુદા વિષયો પર વાર્તાલાપ આપ્યા. શિબિરનું સંચાલન ડૉ. દીક્ષા સાવલા (જે. એમ. પટેલ પી.જી. ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઈન હ્યૂમેનિટિઝ, આણંદ) અને પ્રા. કમલ અગાલ (સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ) દ્વારા કરવામાં આવ્યું.

  શ્રી અરવિન્દ ચેર ઓફ ઇન્ટીગ્રલ સ્ટડીઝના ઉપક્રમે એમ.એ., એમ.એસ.ડબલ્યુ અને એમ.એચ.આર.એમ.ના વિદ્યાર્થીઓ માટે લાઈફ એન્રીચમેન્ટ કોર્સના અધ્યયનના ભાગ રૂપે શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ખાતે જાન્યુઆરી થી માર્ચ દરમ્યાન કાર્યશાળાઓનું આયોજન થયું હતું. આ કાર્યશાળાઓમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. એમણે શ્રી માતાજીના વાર્તાલાપ જીવનનું શાસ્ત્ર અંગે અધ્યયન કર્યું હતું. આ કાર્યશાળાઓના સંયોજન, સંચાલનનો કાર્યભાર ડૉ. વિભા વૈષ્ણવે સંભાળ્યો હતો.

  આ ઉપરાંત આગામી જૂન માસમાં શ્રી અરવિન્દ આશ્રમ પોંડિચેરી ખાતે દશ દિવસ માટે યોજાનારા શ્રી અરવિન્દ દર્શન અધ્યયન શિબિર માટે અંતિમ પસંદગી માટેનો એક અભિમુખતા શિબિર શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયો હતો. એમાં ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

- શ્રી અરવિન્દ ચેર ઓફ ઇન્ટીગ્રલ સ્ટડીઝના ઉપક્રમે ૩૦ માર્ચ ૨૦૧૫ના રોજ શ્રી અરવિન્દ આશ્રમ પોંડિચેરીના સાધક ડૉ. કાલુ સરકારનું હેલ્થ એન્ડ હેપીનેસ અંગે શ્રી એ. બી. પટેલ એન્ડાઉમેન્ટ ઓરેશન (વક્તવ્ય) યોજાયું હતું. આ કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન ફેકલ્ટી ઓફ મેડિસીનના ડીન ડૉ. શિરીષ શ્રીવાસ્તવે શોભાવ્યું હતું.

- સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર પ્રેરિત શ્રી ભાઈકાકા અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર) ઉપક્રમે તા. ૨૨-૩-૨૦૧૫ને રવિવારના રોજ શ્રી નૂતન હાઈસ્કૂલ, ખેરોલી, તા. વીરપુર, જિ. મહીસાગર ખાતે 'વલ્લભવિદ્યાનગર : ભાઈકાકા નેતૃત્વ શૈલી' વિષય અંતર્ગત એક દિવસીય પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન થયુ હતું. પ્રસ્તત કાર્યક્રમમાં સ્થાનિક નેતાઓ, નિવૃત્ત તથા સેવારત શિક્ષકો, આચાર્યો, ગુજરાતના મુખ્ય ઈજનેર એમ કુલ ૯૦ સહભાગીઓ

# 'મહાવિદ્યાલય'વૃત્ત

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત **નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસ**માં ૨૦ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ એકદિવસીય રાજ્યકક્ષાની ઇન્ફર્મેશન ટેકનોલોજી સ્પર્ધા : 'ટેકનોએસ્ટ્રમ - ૨૦૧૪-૧૫નું આયોજન થયું હતું. એમાં વિવિધ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં નીચે દર્શાવેલા સ્પર્ધકો વિજેતા થયા હતા.

  પેપર પ્રેઝન્ટેશનમાં પ્રથમ - કુ. શીમ્પા શર્મા (એન.વી.પાસ., વલ્લભ વિદ્યાનગર), દ્વિતીય - કુ. ભક્તિ વ્યાસ અને કુ. કોમલ વર્મા (નવરચના યુનિવર્સિટી, વડોદરા).

  પોસ્ટર પ્રેઝન્ટેશનમાં પ્રથમ - જયકૃષ્ણ ઠક્કર (એન.વી.પાસ., વલ્લભવિદ્યાનગર), દ્વિતીય - શ્રી નીલ કે. પટેલ અને અજસિંહ ઝાલા (એનવીપાસ, વલ્લભવિદ્યાનગર).

  પ્રોગ્રામિંગ સ્પર્ધામાં પ્રથમ - શેખ રીસ્ફાન મહમ્મદ રફીક અને ખત્રી અબ્દુર રહેમાન (સી.પી. એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ) તથા દ્વિતીય ધર્મિન કે. શાહ અને દીપક બી. સુમસેરા (કે.એસ.સી.બી.કે.યુ., કચ્છ).

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના ભૌતિકશાસ્ત્ર વિભાગ તથા સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન સી.સી. પટેલ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ઉર્જા સંરક્ષણ વિષયને ધ્યાનમાં રાખી રાજ્ય કક્ષાના પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદમાં ગુજરાતની જુદી-જુદી સાયન્સ કોલેજમાંથી ૧૬૬ વિદ્યાર્થી પ્રતિસ્પર્ધીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ''એનર્જી કન્ઝર્વેશન : પાસ્ટ, પ્રેઝન્ટ, એન્ડ ફ્યુચર'' વિષય પર પોતાના પોસ્ટર્સ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝ ખાતે રેડ રીબન ક્લબ અંતર્ગત એડ્સ એવરનેસ વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. મુખ્ય વકતા તરીકે કરમસદ મેડીકલ કોલેજના ડૉ. નિસર્ગ પટેલ (એમ.ડી. પેથોલોજિસ્ટ) તેમજ પંકજ લિંબાચિયા (બ્લડ ડોનેશન એવરનેસ ઓર્ગેનાઈઝર) હતા એમણે વિદ્યાર્થીઓને એઈડ્સ એવરનેસ તેમજ બ્લડ ડોનેશન વિષય ઉપર માહિતી આપી જાગૃત કર્યા હતા.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લૉ કોલેજના સ્વર્ણિમ જયંતી ઉજવણીના ભાગરૂપે તા. ૮-૨-૨૦૧૫, રવિવારના રોજ સપ્તધારા કાર્યક્રમ અંતર્ગત, જ્ઞાનધારા પ્રવૃત્તિ અન્વયે Law, Gender and Social Transformation in India : Issues & Challenges શીર્ષકથી એક દ્વિવસીય રાષ્ટ્રિય કક્ષાના પરિસંવાદનું આયોજન થયું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજમાં ઇક્વલ ઓપોર્ચ્યુનિટી સેન્ટર એન્ડ પર્સનાલિટી સેલના સંયુક્ત ઉપક્રમે ''જનરલ એવરનેસ ઑન કમ્પિટિટિવ એઝામિનેશન્સ, ઈન્ટર્વ્યૂ સ્કિલ્સ એન્ડ પર્સનાલિટી ડિવલપમેન્ટ'' વિષય ઉપર તારીખ ૩૦ અને ૩૧ ડિસેમ્બરના રોજ બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**માં IQAC ના ઉપક્રમે NAAC sponsred એક દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું, એમાં મુખ્ય વક્તા આરતી વ્યાસે સૌને માર્ગદર્શન આપ્યું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજમાં "Mapping the NAAC Impact : The Post Accreditation Scenario" વિષય ઉપર તારીખ ૭ અને ૮ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ નૅક પ્રાયોજિત દ્વિદીવસીય રાષ્ટ્રિય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

  આ જ કોલેજમાં તાજેતરમાં વિવેકાનંદ સેન્ટર ઓફ પોઝિટિવ થિંકિંગ એન્ડ કાઉન્સેલીંગ અંતર્ગત રાજ્યકક્ષાની એક નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. એમાં ગુજરાતની જુદી જુદી કોલેજોમાંથી ૫૬ નિબંધો પ્રાપ્ત થયા હતા. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પ્રિયંકા રાય (પી.આર.બી. આર્ટ્સ એન્ડ પી.જી. આર કોમર્સ કોલેજ અને તૃતીય વિજેતા વિરલ ગોસ્વામી (એન.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર) જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પેટ્રીયેટ કલબ ઓફ ઈન્ડિયાના સ્થાપક ડૉ. કમલેશભાઈ શાહે સેવા આપી હતી.

- સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ની આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધા (ભાઈઓ)નું આયોજન સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજના યજમાન પદે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજની ટીમ ઉપવિજેતા બની હતી.

- ગાંધીઅન સ્ટડીઝ ચેરના સંચાલિકા તેમજ શ્રી આઈ. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્યશ્રી નુસરતબેન કાદરીએ મહાત્મા ગાંધી અને તેમના સફાઈ વિશેના વિચારો અંગે વક્તવ્ય આપ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજના કોલેજ વુમન ડેવલપમેન્ટ સેલ (CWDC) અને સરદાર પટેલ હાઈસ્કૂલ (કરમસદ)ના અંતર્ગત ફૂડ એન્ડ ન્યુટ્રીશન અંગે તા. ૨૨-૨-૨૦૧૪ના રોજ પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલતિ આણંદ એજ્યુકેશન કોલેજમાં તાજેતરમાં વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત સામાન્ય જ્ઞાન, બુદ્ધિ કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કસોટીમાં સંસ્થાની ૧૦૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં પ્રથમ ક્રમે તાલીમાર્થી હેતાલી પી. પટેલ, દ્વિતીય ક્રમે જયશ્રી એમ. રાઠોડ, રચના વી. જોષી અને તૃતીય ક્રમે પલક એ. વ્યાસ વિજેતા થયાં હતાં.

- આણંદ એજ્યુકેશન કોલેજમાં ઉદ્દિશા કલબ તથા ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘ દ્વારા આચાર્યાશ્રી, રીટાબેન પટેલનું શૈક્ષણિક પ્રવચન તા. ૯-૧-૨૦૧૫ના રોજ યોજાઈ ગયું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલતિ આણંદ એજ્યુકેશન કોલેજમાં જ્ઞાનધારા, સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી ઉજવણી નિમિત્તે તા. ૧૭-૧-૨૦૧૫ના રોજ સ્વ. ચંચળબેન ડી. પટેલની સ્મૃતિમાં ''સુચારુ સંચાલન માટે શિક્ષિત સ્ત્રી સક્ષમ છે'' વિષયક આંતર બી. એડ્. કોલેજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં પ્રથમ નંબરે યામિની કાછિયા (આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ), દ્વિતીય નંબરે પ્રિયા વી. વર્મા (ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન) અને તૃતીય નંબરે મમતા યાદવ (આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ) વિજેતા જાહેર થયા. આ સ્પર્ધામાં ડૉ. માનસિંહ ચૌધરી, ડૉ. હરીશભાઈ પારેખ અને શ્રી રમેશભાઈ સિંઘવે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

- **એન.એચ. પટેલ એજ્યુકેશન ઓફ એજ્યુકેશન,** આણંદમાં ''કેરીઅર કાઉન્સેલિંગ'' પરિસંવાદ યોજાયો. આ પ્રસંગે JMTCના શ્રી નસીબ સિંઘે યુ.જી. અને પી.જી.ના અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી સફળતા કેવી રીતે મેળવી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. સિવિલ સર્વિસની પરીક્ષાઓ UPSC અને GPSC પરીક્ષાના હેતુઓ પરીક્ષાઓમાં કેવી રીતે સફળતા મેળવી નોકરીની વિગતે ચર્ચા કરી હતી.

- એન.એચ. પટેલ એજ્યુકેશન ઓફ એજ્યુકેશન, આણંદમાં ''સસ્તાં શૈક્ષણિક સાધનો'' વિષય વ્યાખ્યાન યોજાયું. આ પ્રસંગે મોડાસાના શ્રી વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટે સસ્તાં શૈક્ષણિક સાધનોની સંકલ્પના રજૂ કરી હતી.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ એજ્યુકેશન ઓફ એજ્યુકેશન, આણંદમાં જ્ઞાનધારા દ્વારા ''સંશોધન અને નવીનીકરણ'' વિષય પર ડૉ. સુરેશભાઈ પરમારનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

- આણંદ ઈન્સ્ટીટ્યૂટ ઓફ પી. જી. સ્ટડીઝ ઈન આર્ટ્સ, આણંદ અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે ચરોતરનું લોકસાહિત્ય અંગે એક દ્વિવસીય પરિસંવાદનું આયોજન થયું હતું. પરિસંવાદમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. હસુ યાજ્ઞિક ઉપસ્થિત રહ્યા હતા. બીજ વકતવ્ય બળવન્ત જાનીએ આપ્યું હતું. ચરોતરના લોકસાહિત્યના વિવિધ પાસાંઓ અંગે સર્વશ્રી દલપત પઢિયાર, હરેન્દ્ર ભટ્ટ, અંબાદાન રોહડિયા, પરમ પાઠક, ભગીરથ બ્રહ્મભટ્ટ, ડૉ. ગુણવન્ત વ્યાસ અને ડૉ. આર. પી. પટેલે વકતવ્યો આપ્યાં હતાં.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલીત સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજમાં નોલેજ કોન્સોલેર્ટીયમ ઓફ ગુજરાત (KCG) અંતર્ગત 'AAA'ની પીઅર ટીમે તા. ૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન મુલાકાત લીધી હતી. જાન્યુઆરી-૨૦૧૪ દરમિયાન કોલેજે 'AAA'માં 2.76 CGPA પ્રાપ્ત કરેલ અને ખૂબ જ ઓછા સમયમાં AAA ની ટીમ દ્વારા કોલેજને NAACના લક્ષ્યાંકો પ્રમાણે જ મૂલ્યાંકન કરવામાં આવેલ હતું. જેમાં 3.06 CGPA મળવીને A ગ્રેડ પ્રાપ્ત કરેલ છે.

- **Shri D N Institute of Post-graduate Studies in Commerce**, Anand organised a one-day National Conference on "Recent Issues of Domestics and Global Applied Research" on 30th March, 2015 with 231 participatnts from various cities / states of India. The conference was organized with the purpose to provide the updates and recent scenario of research in various discipline of education. It also provided the forum for the interaction among the distinguished academicians, professionals and students participants.

- **Smt. Kamlaben P. Patel Institute of Physiotherapy and Occupational Therapy**, managed by Anand People's Medicare Society organized **Quiz Competetion On Autism** on 10th April, 2015 in their campus. More than 40 O.T. students participated in this quiz competition.

- On Monday, 9th March, 2015, **Shree P.M. Patel College of Paramedical Science & Technology**, Anand organised workshop on "Quality Control and Automation in Medical Technology" in collaboration with Bioteknika Healthcare Pvt. Ltd., Ahmedabad. The Director of Bioteknika, Mr. Nirav Solanki, Mr. Kubel Pandya and Mr. Varun Shukawala were present in this workshop. Total 51 students and five faculty members participated in this workshop. This workshop was aimed for the final year students of Masters in Medical

## વિનયન

| | | |
|---|---|---|
| – શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ | દેશભક્તિ ગીત સ્પર્ધા | તા. ૭–૮–૧૪ |
| – અખિલેશ સુરેશભાઈ પટેલ આર્ટ્સ કોલેજ, | પ્રેમચંદની ૧૩૪મી જન્મ જયંતિ | -- |

## વાણિજ્ય

| | | |
|---|---|---|
| – આણંદ કોમર્સ કોલેજ, આણંદ | વાર્ષિક રમતોત્સવ | તા. ૩૧–૧–૧૫ |
| | મહેંદી અને કેશગૂંફન સ્પર્ધા | તા. ૨–૧–૧૫ |
| | ઇન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટ | તા. ૧૭–૧–૧૫ |
| | વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા | -- |
| – આણંદ ઇન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝ, આણંદ | શિખર–૨૦૧૫ | તા. ૩૦,૩૧–૧–૧૫ |
| | બિઝનેસ બેટલ સ્પર્ધા | તા. ૭–૭–૧૫ |
| | કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન | -- |
| | રેડ રીબન ક્લબ અંતર્ગત એઇડ્સ અવેરનેસ | -- |
| – સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ | એઇડ્સ જાગૃતિ અભિયાન પુસ્તિકા વિતરણ | -- |
| | ચિત્ર સ્પર્ધા | તા. ૩૦–૧–૧૫ |
| | જી.કે. ક્વિઝ | -- |
| | બહેનો માટે નિઃશુલ્ક કરાટે ટ્રેનિંગ કેમ્પ – ૧૦ દિવસ | તા. ૩૦–૧૨–૧૪ |
| | રક્તદાન શિબીર | -- |
| | ઐતિહાસિક ચીજવસ્તુ તથા કરન્સી નોટોનું પ્રદર્શન | -- |
| | સ્નેક વર્કશોપ | તા. ૩–૨–૧૫ |
| | સ્કીલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ | તા. ૧૩–૨–૧૫ |
| | વીર શહીદોને શ્રદ્ધાંજલી | તા. ૨૩–૩–૧૫ |
| | ઈનામ વિતરણ સમારંભ | તા. ૨૮–૩–૧૫ |
| – તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઈ પટેલ કોમર્સ કોલેજ | સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા | તા. ૧૨–૧–૧૫ |
| | Internet security, Safety & | |

## વિજ્ઞાન

| | | |
|---|---|---|
| – કમલાબેન પી. પટેલ ઇનિસ્ટ્યૂટ ઓફ ફિઝિઓથેરાપી એન્ડ ઓક્યુપેશનલ થેરપી | પોસ્ટર સ્પર્ધા (રોલ ઑફ ઓ.ટી. ઇન.કેન્સર) | તા. ૪–૨–૧૫ |
| – નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સિસ | સ્પોર્ટ્સ ડે | તા. ૨૨–૧–૧૫ |
| | દસ્તાવેજી ફિલ્મ નિદર્શન–તાજમહાલ | -- |

| | | |
|---|---|---|
| | સ્વાઇન ફ્લૂ અભિયાન | -- |
| | નોલેજ શેરિંગ ફોરમ (કે.એસ.એફ.)- સેમિનાર | -- |
| | ઈન્ટર કલાસ ક્રિકેટ ટુર્નામેન્ટ | -- |
| | થેલેસેમિયા ચેક-અપ કેમ્પ | -- |

## શિક્ષણ

| | | |
|---|---|---|
| - શ્રી આઈ.જે. પટેલ એમ.એડ્. કોર્સ | ઇન્ટરશીપ કાર્યક્રમ | -- |
| | સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિની ઉજવણી | -- |
| | રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી | -- |
| | સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણી | -- |
| | રમતોત્સવ | -- |
| | પ્રાચલિય કસોટી પર તજ્જ્ઞ વ્યાખ્યાન | -- |
| - આણંદ એજ્યુકેશન કોલેજ | | મ ા ે ક |
| ઇન્ટરવ્યુ તા. ૧૯-૧-૧૫ | | |
| | માનવ અધિકાર સજ્જતા કાર્યક્રમ | -- |
| | પત્ર લેખન સ્પર્ધા | -- |
| | રમતોત્સવ | તા. ૧૩-૧-૧૫ |
| | લોક ડાયરો તથા વેસ્ટ માંથી બેસ્ટ કાર્યક્રમ | તા. ૧૬-૧-૧૫ |
| | સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ-પુસ્તક પ્રદર્શન | તા. ૧૨-૧-૧૫ |
| | યુવા સપ્તાહ - ગણિત-વિજ્ઞાન ક્વીઝ સ્પર્ધા | તા. ૧૨-૧-૧૫ |
| | મહાત્મા ગાંધી અને સફાઈ - ચિત્ર સ્પર્ધા | તા. ૩૦-૧-૧૫ |
| | સમૂહવાચનના કાર્યક્રમ | તા. ૧૦-૧-૧૫ |
| | હેન્ડીક્રાફ્ટ સ્પર્ધા | -- |
| | માનવ અધિકાર - પોસ્ટર સ્પર્ધા | -- |
| | ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સભાનતા કાર્યક્રમ | તા. ૧૨-૩-૧૫ |
| -એન.એચ.પટેલ કોલેજ ઓફ એજયુકેશન | સતત શિક્ષણ કાર્યક્રમ | -- |
| | શહીદ દિન અને ચિત્ર સ્પર્ધા | -- |
| | વાનગી સ્પર્ધા | -- |
| | રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી | -- |
| | વેસ્ટ માંથી બેસ્ટ - વર્કશોપ | -- |
| | સતત શિક્ષણ કાર્યક્રમ | તા.૧૨-૧૨-૧૪ |
| | ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ | -- |

# 'અધ્યાપક'વૃત્ત

- १७ जनवरी २०१५ को सरकारी विनयन और वाणिज्य कॉलेज में 'महाभारत की विरासत' पर आयोजित संगोष्ठी में तीसरे सत्र की अध्यक्षता डॉ. दयाशंकर ने की और डॉ. हसमुख परमार ने महाभारत के प्रदेय पर अपना शोधपत्र पढ़ा। इसी तारीख को डॉ. नवनीत चौहान लखनऊ विश्वविद्यालय के रिफ्रेसर कोर्स में व्याख्यान दिया ।

  ११-१२ फरवरी को पूणे विश्वविद्यालय की ओर से 'हिन्दी साहित्य और सिनेमा' पर आयोजित राष्ट्रीय संगोष्ठी में डॉ. नवनीत चौहान ने एक सत्र की अध्यक्षता की और डॉ. सीमा राठौरने शोधपत्र पढ़ा ।

  २८ फरवरी, १ मार्च २०१५ को मोहनलाल सुखाड़िया विश्वविद्यालय, उदयपुर, राजस्थान की ओर से आयोजित-'स्त्रीवादी लेखनः साहित्य, मीडिया और समाज' संगोष्ठी में डॉ. नवनीत चौहान ने अतिथि विशेष की भूमिका का निर्वाह किया और डॉ. सीमा राठौरने प्रपत्र-वाचन किया ।

  २८ फरवरी, १ मार्च को साहित्य अकादमी-नई दिल्ली की ओर से केन्द्रीय विश्वविद्यालय गांधीनगर में आयोजित 'गुजराती-हिन्दी अन्तः संबंध' संगोष्ठी में १ मार्च को डॉ. दयाशंकर ने सगुण भक्ति काव्य पर विषय विशेषज्ञ के रूप में व्याख्यान दिया ।

- **Professor S.J. Bhatt** is appointed as a UGC Emeritus Fellow of Mathematics by the UGC for the period of two years. Accordingly, Prof. Bhatt joined the Department on 7 February 2015.

- **Shri S J Ghevariya** and **Shri V G Khambholja** of Mathematic Department successfully completed Ph.D. in Mathematics under the guidance of Dr. H. V. Dedamoa and Dr. A H Hasmani respectively.

- ૫૦મી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદ જાન્યુઆરી માસની તા. ૨૩ થી ૨૫ દરમ્યાન શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટી (એસ.વી.યુ.) તિરૂપતીની એસ.પી.ડબ્લ્યુ ડિગ્રી કોલેજ ખાતે 'મનોવિજ્ઞાન વિભાગ' અને 'ઇન્ડિયન એકેડેમી ઑફ એપ્લાઈડ સાયકોલોજી'' (આઈ.એ.એ.પી.) ના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી. અનુસ્નાતક મનોવિજ્ઞાન વિભાગના ડૉ. સુરેશભાઈ એમ. મકવાણાએ આ પરિષદમાં ''પંચમહાલ જિલ્લાની સ્કૂલના વિદ્યાર્થીઓ વિશે વાલીઓનું પ્રત્યક્ષીકરણ - Parenting Perception among Panchmahal District school Student" વિષય પર સંશોધન પત્ર રજૂ કર્યું હતું. વિશેષમાં એક સેશનમાં ચેરમેન પદે રહી ૧૬ જેટલા સંશોધકના સંશોધન પેપર વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પરિષદમાં મનોવિજ્ઞાન વિભાગમાં કાર્યરત ડૉ. પંકજ સુવેરા (આસિ. પ્રોફે.) સંશોધન પેપર રજૂ કર્યું હતું. અનુસ્નાતક મનોવિજ્ઞાન વિભાગના પ્રો. ડૉ. સુરેશ મકવાણાએ ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસના મુંબઈ ખાતે યોજાયેલા વાર્ષિક અધિવેશનમાં 'વડોદરા જિલ્લાની શાળાઓ અંગે વાલીઓનું પ્રત્યક્ષીકરણ' વિષય પર સંશોધન પત્ર રજૂ કર્યું હતું. આ અધિવેશનમાં આ જ વિભાગના આસિ. પ્રોફે. પંકજ સુવેરાએ પણ પોતાનું શોધપત્ર રજૂ કર્યું હતું.

- **Dr. D. P. Raykundaliya**, Department of Statistics; delivered a talk in two sessions on "Introduction of Statistics and Statistical Software" and "Descriptive Statistics and Cross Tabulation" in a one-day workshop on "Statistical Computing Through Software" organized by Sardar Patel University Teachers' Association (SPUTA), SPU, VV Nagar on December 26, 2014. He also on 8-1-2015 delivered a talk on "SPSS V" in Refresher Course on Scientific

Computing (MD) organized by UGC Academic Staff College, Vallabh Vidyanagar.

He also delivered a talk on "SPSS VI" on 8-1-2015 in Refresher Course on Scientific Computing (MD) organized by UGC Academic Staff College, Vallabh Vidyagnagar.

He also delivered a talk on "Ïntroduction to R language-I" on 13-1-2015 33rd in Refresher Scientific Computing (MD) organized by UGC Academic Staff College, Vallabh Vidyanagar.

He also delivered a talk on "Introduction to R language-II" on 13-1-2015 in Refresher Course on Scientific Computing (MD) organized by UGC Academic Staff College, Vallabh Vidyanagar.

Dr. Raykundaliya has successfully completed his Ph.D. in Statistics under the Guidence of Prof. Ashok Shanubhogue of Department of Statistics, Sardar Patel University, Vallabh Vidyanagar. The title of the thesis is "Reliability Oriented Designs".

- સરદાર પટેલ યુનિવર્સિટીનાં અધ્યાપક મંડળ (SPUTA) દ્વારા તા. ૨૬-૧૨-૨૦૧૪નો શુક્રવારના રોજઆંકડાશાસ્ત્ર વિભાગમાં યુનિવર્સિટીના અધ્યાપકો માટે ''Statastics Computing through Software'' વિષય ઉપર એક દ્વિવસીય કાર્યશિબિર યોજાઈ ગયો.

  આ કાર્યશિબિરમાં આંકડાશાસ્ત્ર વિભાગ પ્રો. ડૉ. અશોક શાનભોગ અને શ્રી ધર્મેશ રાયકુંડલિયાએ સેવા આપી હતી અને સર્વે ભાગ લેનાર અધ્યાપકોને કોમ્પ્યુટર દ્વારા SPSS ની ઉપયોગિતા અંગેની તાલીમ આપી હતી.

- સરદાર પટેલ યુનિવર્સિટીનાં અધ્યાપક મંડળ (SPUTA)ની વાર્ષિક સામાન્ય સભા (AGM) તા. ૯-૨-૨૦૧૫ને સોમવારના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના રસાયણ વિભાગમાં મળી હતી. જેમાં ૨૦૧૫-૨૦૧૬ના વર્ષ માટેના હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ હતી.

  એમાં પ્રમુખપદે આંકડાશાસ્ત્ર વિભાગના શ્રી ધર્મેશ પી. રાયકુંડલિયા, ઉપપ્રમુખપદે બાયોસાયન્સ વિભાગના ડૉ. એ.એસ. રેહ્ડી, મંત્રી પદે કેમેસ્ટ્રી વિભાગના ડૉ. મનીષકુમાર પી. પટેલ, સહમંત્રીપદે સાયકોલોજી વિભાગના

- સરદાર પટેલ યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન દ્વારા તાજેતરમાં વયોચિત નિવૃત્ત થનાર અધ્યાપકોના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. હરીશ પાઢે સંભાળ્યું હતું. કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે ગુજરાત રાજ્ય ટીચર્સ ફેડરેશનના પ્રમુખ ડૉ. એમ.એમ.રાવલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વયોચિત નિવૃત થતા ડૉ. એચ. એસ. પટેલ (રસાયણશાસ્ત્ર વિભાગ), ડૉ. ઊર્મિલાબહેન ઠાકર (માહિતી અને ગ્રંથાયલ વિજ્ઞાન વિભાગ) અને ડૉ. કિરણ ભોકરી (હિન્દી વિભાગ)નું શાલ ઓઢાડીને તેમજ પ્રમાણપત્ર એનાયત કરીને સન્માન કરાયું હતું.નિવૃત્ત થનાર અધ્યાપકોના નિરામય દીર્ઘાયુની



સૌએ શુભેચ્છા પાઠવી હતી.

- **Dr. Jayesh Gandhi** of Department of Physics, V. V. Nagar delivered a lecture-cum-demonstration on "Renewable Energy Based Devices" on 5th February, 2015 at N. V. Patel College of Pure & Applied Science, Vallabh Vidyanagar.

- અનુસ્નાતક ગુજરાતી વિભાગના પ્રો. ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે ૨ માર્ચ ૨૦૧૫ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે 'શ્રી શિવાભાઈ ઉમેદભાઈ પટેલ યુનિવર્સિટી ગ્રંથાલય'ના ઉપક્રમે ઉમાશંકર જોશીની કવિતાની શબ્દયાત્રા વિષય પર વિશેષ વ્યાખ્યાન આપ્યું હતું.

- અનુસ્નાતક ગુજરાતી વિભાગના પ્રો. પરમ પાઠકે શ્રીમતી મણિબહેન નાણાવટી વિમેન્સ કોલેજ, વિલેપાર્લે, મુંબઈ ખાતે યોજાયેલા 'લોકકથામાં તથ્યો અને પ્રેમતત્ત્વનું નિરૂપણ' વિષયક રાષ્ટ્રીય પરિસંવાદમાં ૧૬ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ લોકકથાના સ્વરૂપ અંગે એક શોધપત્ર પ્રસ્તુત કર્યું હતું.

  પ્રો. પરમ પાઠકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગુજરાતી ભાષાસાહિત્ય ભવન રાજકોટ ખાતે તા. ૧૮ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમિયાન યુનિવર્સિટી વિઝિટિંગ ફેલો તરીકે કામગીરી કરી હતી. આ સમય દરમિયાન એમ.એ., એમ.ફિલ, પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. સાહિત્ય સંશોધન અંગે ચર્ચા વિચારણા કરી હતી.

  અનુસ્નાતક ગુજરાતી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. સુધા એ. ચૌહાણે તાજેતરમાં ઈન્દોર મુકામે યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રમાં છેલ્લા બે વર્ષની કવિતા અંગે સરવૈયું રજૂ કર્યું હતું.

- **H. C. Trivedi** (Former Vice-Chancellor, Bhavnagar University, Professor & Head, P. G. Department of Chemistry, Sardar Patel University, and Honorary Chairman of the Experts Advisory Committee on the Entrepreneurship in Education, Ministry of Science and technology, New Delhi) has been appointed a Professor Emeritus at Sardar Vallabhbhai National Institute.

## એસ.પી. યુનિવર્સિટી દ્વારા નેટ કોચિંગ કલાસનું ઉદ્‌ઘાટન



વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે કાર્યરત યુજીસી સ્પોન્સર્ડ નેટ કોચિંગ સેન્ટર ફેર એસ.સી., એસ.ટી. નેટ કોચિંગ કલાસના તારીખ ૧લી મે, ૨૦૧૪ના રોજ પ્રારંભ થયો હતો. આ કલાસમાં એસ.સી., એસ.ટી., એસ.ઈ.બી.સી., ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓને કોચિંગ આપવામાં આવે છે.

આ કોચિંગ કલાસના ઉદ્‌ઘાટન સમારંભમાં આણંદ જિલ્લા પુરવઠા અધિકારી રજનીકાન્ત ટી. ઝાલા, યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સના નિવૃત્ત ડીવીઝન મેનેજર શ્રી જે. એમ. સોલંકી, બસો બ્યાસી રોહિત સમાજ ટ્રસ્ટના સેક્રેટરી શ્રી પ્રવીણ એસ. રાઠોડ, નેટ કોચિંગ સેન્ટર કોઓર્ડિનેટર ડૉ. બલદેવ આગજા, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ સહિત વિવિધ વિભાગોના અધ્યાપકો તથા ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિદ્યાર્થી વિભાગ

## સદ્ગત ભોજા ભગત કાવ્યસ્પર્ધા

## વિજેતા કૃતિઓ

### ભરોસો

દર્પણ બની ભરોસો મારો તૂટે નૈં તે જોજો,
નથી વેઠાતો હવે ઈશ ! આયખાનો આ બોજો.
નાનું અમથું ડમણીયું લઈને
નીકળ્યો છું હું ફરવા.
મને ખબર શી તમે જ આવશો,
રસ્તો લાંબો એમાં કરવા ?
લાગણીઓ થઈ આંધળી, એને આવી ગયો છે ચશ્મો !
દર્પણ બની ભરોસો મારો તૂટે નૈં તે જોજો.
પુષ્પ જ ખુદ સુગંધ ચોરે તો,
કોણ પ્રસરાવે સુવાસ ?
દાવ પર લગાવી દીધી,
મેં તો સઘળી આશ !
મેલુંઘેલું લૂગડું મારું ઘસીઘસીને ધોજો,
દર્પણ બની ભરોસો મારો તૂટે નૈં તે જોજો,

– કમલેશ ચૌહાણ
(એમ.એ. સેમ.૪,

### ...તો ચાલશે

પ્રેમનો આભાસ હશે તો ચાલશે,
લાગણી મૃગજળ હશે તો ચાલશે.
સાથે જ રહેવું આપણે એવું નથી,
દુરથી સહકાર હશે તો ચાલશે.
આપના દર્શન ફક્ત જોઈએ,
એક પળ માટે હશે તો ચાલશે.
ચોધાર આંસુઓની શી જરૂર,
પાંપણ ભીની હશે તો ચાલશે.
મારું નામ હોઠથી ન લઈ શકો તો
આંખોથી વાત કરશો તો ચાલશે.
ચાલશે જિંદગીભર સાથ ન આપો તો,
બસ. રૂહીને હૃદયમાં રાખશો તો ચાલશે.

– રૂહીબેન દિલીપભાઈ શાહ

### ‘પેપરવેઈટ’–એક થીજેલું અસ્તિત્વ

ટેબલ પર પડેલા,
પેપરવેઈટમાંથી રૂપાળી માછલી
તરફડતી અને વિચારતી કંઈક આવું
પણ કાશ ! આ પેપરવેઈટ તૂટે તો ને !
કાશ ! તૂટી જાય ને નેસ્તનાબુદ થાય
આ બંધ ગોળાની રૂપાળી દુનિયા
પણ કાશ ! આ પેપરવેઈટ તૂટે તો ને !
ને બહાર આવી તરી લઉં, શ્વસી લઉં
એકા'દ શ્વાસ આ ખુલ્લા જગતદરિયે
પણ કાશ ! આ પેપરવેઈટ તૂટે તો ને !
ને પછી મુક્ત રીતે તરફડું ને છોડું
અસ્તિત્વ મારું આ વર્ષોથી થીજેલું,
ને જાઉં દુનિયા છોડી જીવતાં....જીવતાં...
પણ કાશ ! આ પેપરવેઈટ તૂટે તો ને !
પણ કાશ ! આ પેપરવેઈટ તૂટે તો ને !



# સદ્‌ગત પ્રાધ્યાપક જશભાઈ કા. પટેલ કાવ્યસ્પર્ધા

## વિજેતા કૃતિઓ

### સખી !

સખી ! ચાલ જગ જીતવા જઈએ,
ત્યાં મનને બે ઘડી મળવા જઈએ
સખી ! ચાલ જગ જીતવા જઈએ.
અંતરની ઓટમાં ભરતીનું પૂર આવે,
એમાં એક-મેકમાં ભળી જઈએ.
સખી ! ચાલ જગ જીતવા જઈએ.
રેતીના ઢગલાનું ઘર બનાવી રહેશું દરિયા પાર
અંતરના પાથરણામાં ખોવાઈ જઈએ
સખી ! ચાલ જગ જીતવા જઈએ.
મનડાની હોડીને હાથ હલેસાં
બેસી ભવપાર તરી જઈએ
સખી ! ચાલ જગ જીતવા જઈએ.
સખી ! આ તારા નયનનું તેજ છે કે ચંદ્રનો પ્રકાશ ?
ચાલ ! આ તેજ થી મનમોતી પરોવી દઈએ
સખી ! ચાલ જગ જીતવા જઈએ.

### યાદ...

ન હોય જેને આવવાનું કોઈ ઈજન
ને તોય આવે, એ તારી યાદ...
સંસ્મરણો એટલે વિચારોનું વાવાઝોડું...
પણ મંદ મંદ પવન, એ તારી યાદ...
તું આવે કે ન આવે એ તારો અધિકાર,
પણ મને પૂછ્યા વગર આવે, એ તારી યાદ...
જીવનભર સમય સાથેનાં તુમુલ સંગ્રામમાં
જો હોય યુદ્ધ વિરામ, તો એ તારી યાદ...
અપેક્ષાઓ, અરમાનો અને વ્યાથાઓનાં રણમાં,
એક માત્ર સ્નેહ ઝરણ એ તારી યાદ...

હિમાંશુ આર. મકવાણા

### તો મને બહુ ગમે

જો આકાશમાંથી ખરતા
તારાને હું અટકાવી શકું,
તો મને બહુ ગમે !
જો કાગળની હોડીને
પાણીમાં ડૂબતાં બચાવી શકું,
તો મને બહુ ગમે !
જો વૃક્ષોમાંથી અકાળે ખરી પડતી
કૂંપળને તૂટતાં રોકી શકું,
તો મને બહુ ગમે !
જો પર્વતથી છૂટી પડેલી તેની દિકરીને
તેની તરફ પાછી વાળી શકું,
તો મને બહુ ગમે !
જો નદીથી વિખૂટી પડેલી હોડીને,
નદીમાં તરતી કરી શકું,
તો મને બહુ ગમે !
જો નફરત ભરેલાં ચ્હેરાઓમાં
ફરીથી પ્રેમ ભરી શકું,
તો મને બહુ ગમે !
જો 'મા' ના ખોળામાં રડતાં શીશને
હું ચૂપ કરાવી શકું,
તો મને બહુ ગમે !
જો નરક બનેલી આ દુનિયાને
ફરી સ્વર્ગ બનાવી શકું,
તો મને બહુ ગમે !
– રોનક સોલંકી



- The following students of Department of Mathematics, S. P. University, V. V. Nagar passed the **Minaxi Lalit Award Test** in **Mathematics 2014-15** conducted by the Gujarat Science Academy.

| Sr. No. | Name | Centre Position |
|---|---|---|
| 1. | Patel Prerak Amrutbhai | I |
| 2. | Zinzuvadiya Puja Jagdishbhai | II |
| 3. | Kadiya Rushi Rameshbhai | III |
| 4. | Pandya Darshak Pankajbhai | III |
| 5. | Pipaliya Yuvraj Dilipbhai | III |
| 6. | Vadher Punit Bhikhabhai | III |

- The following students of Department of Mathematics cleared NET/GSET .
  a. Savan K. Patel (NBHM Research Award)
  b. Diksha Trivedi NET-LS
  c. Arun Chauhan GSET
  d. Prashant Patel GSET

- After completing M.Sc. from the Department of Mathematics, **Mr. Manoj Prajapati** is selected as **Research Scholar** to pursue his **Ph.D. in Mathematics at Jawaharlal Nehru University, Delhi**.

- After completing M.Sc. from the Department of Mathematics, **Mr. Vatsal Mer** is selected as **Research Scholar** to pursue his **Ph.D. in Mathematics at IISER, Thiruvanantpuram,** Kerala.

- **Mr. Joseph Joel George** (M.Sc., IV Semester) of Department of Physics, S. P. University, V. V. Nagar stood **First in the Western Vocal Solo** section at **Sardar Patel University Youth Festival**.

- **Mr. Sachinkumar Rameshbhai Patel** (M.Sc., IV Semester) of Department of Physics, S. P. University, V. V. Nagar stood **Second** in the State of Gujarat in the **Minaxi Lalit Test (Physics)** conducted by Gujarat Science Academy (GSA).

- **Mr. Saurabh Dipaksinh Parmar** (M.Sc., IV Semester) of Department of Physics, S. P. University, V. V. Nagar stood **Second** in the State of Gujarat in the **Minaxi Lalit Test (Physics)** conducted by Gujarat Science Academy (GSA).

- **Kunjal Sureshchandra Patel**, **Nikunj Jagdishbhai Rachhadiya**, **Ankurkumar Johnbhai Dabhi**, **Chetankumar K. Zankat** (M.Sc., II Semester) and **Pradeepsinh Janaksinh Jadeja** (M.Sc., IV Semester) of Department of Physics, S. P. University, V. V. Nagar **collectively stood Third** (scoring same marks) in the State of Gujarat in the **Manixi Lalit Test** in the subject of **Physics** conducted by Gujarat Science Academy (GSA).

- **Ms. Shreelatha Nair**, Ph.D. Student of Department of Physics, S. P. University, V. V. Nagar stood **First in Poster Presentation** of research papers at the **National Seminar on Crystallography (NSC 43B) and National Workshop on CADD** organized at Department of Physics, Sardar Patel University during 01-03 September 2014.
- **Ms. Kinjal Patel**, Ph.D. Student of Department of Physics, S. P. University, V. V. Nagar stood **Second in Poster Presentation** of research papers at the **National Seminar on Crystallography (NSC 43B) and National Workshop on CADD** organized at Department of Physics, Sardar Patel University during 01-03 September 2014.
- **Hardik Desai**, Ph.D. Student of Department of Physics, S. P. University, V. V. Nagar stood **Second in Oral Presentation** of research papers at the **Gujarat Science Congress (GSC 2014)** held at Hemchandracharya North Gujarat University, Patan during 22-33 February 2014.
- **Ms. Rajani Joshi**, Ph.D. student of Department of Physics, S. P. University, V. V. Nagar stood **First in Oral Presentation** of research papers at the **National Conference on Emerging Trends in Engineering, Technology and Management (NCEETM-2014)** held at Indus University, Ahmedabad during 31 January - 1 February 2014. She also stood First in Poster Presentation of research papers at the National Conference on Latest Developments in Basic and Applied Sciences held at M. B. Patel Science College, Anand on 10 January 2015.
- **Ms. Taruna Padhiyar**, **Bhavin Chavda** and **Dinesh Upadhaya**, M.Phil. students stood **Sceond in Poster Presentation** of research paper at the **National Conference on Latest Developments in Basic and Applied Sciences** held at M.B. Patel Science College, Anand on 10 January 2015.
- **Sandeep Bhatt**, Ph.D. Student of Department of Physics, S. P. University, V. V. Nagar stood **Second in Oral Presentation** of research papers at the **Gujarat Science Congress (GSC 2014)** held at Hemchandracharya North Gujarat University, Patan during 22-33 February 2014. He also stood Second in Oral Presentation of research papers at the National Seminar on Crystallography (NSC 43B) and National Workshop on CADD organized at Department of Physics, Sardar Patel University during 01-03 September 2014. He was awarded for best Oral Presentation in Research Scholar Meet for Annual Day Function at UGC-DAE CSR, Indore during 1-2 December 2014.
- To celebrate the International Year of Crystallography - 2014 (IYC-2014), the Department of Physics organized UGC sponsored one-day seminar on Condensed Matter Physics (CMP-2014) and a Short Term Training School on X-ray Diffraction Techniques during 03-08 March 2014. An overwhelming response was received for the seminar and workshop by the students and research scholars.
- In continuation to the celebration of IYC-2014, the Department of Physics organized the prestigious National Seminar on Crystallography (NSC 43B) and National Workshop on

CADD during 1-3 September 2014. The conference and the workshop were sponsored by the UGC and other funding agencies. In the inauguration function of the conference, Prof. Harish Padh, Honorable Vice-Chancellor, was the President and Prof. Krishan Lal, Ex-Director, National Physical Laboratory (NPL), New Delhi and President, Indian National Science Academy (INSA), New Delhi was the Chief Guest. At the Valedictory function of the conference, Prof. T. P. Singh, AIIMS, New Delhi and presently DBT Emeritus Professor was the Chief Guest and Prof. V. S. Patel, Former Vice-Chancellor, Sardar Patel University was the President of the function. The conference was attended by distinguished crystallographer scientists and young participants of the country.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ બી.કોમ. (સ્વનિર્ભર)** અને એમ.કોમ. વિભાગના વિદ્યાર્થીઓએ રામકૃષ્ણ સેવા મંડળ સંચાલતિ એ.આઈ.બી.એસ.ની ''શિખર-૨૦૧૫'' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ ટ્રસ્ટ તથા કોલેજનું ગૌરવ વધાર્યું છે. એ.આઈ.બી.એસ. કોલેજ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજમાં ''ચેસ પ્રતિભા'' સ્પર્ધામાં મનન એન. શાહ – બી.કોમ. સેમ.૬ પ્રથમ ક્રમે, સાવન ભટ્ટ – બી.કોમ. સેમ.૬ તૃતીય ક્રમે રહ્યા હતા.'' ઇન્ટેલેક્ચ્યુઅલ ટેલેન્ટ'' અંતર્ગત 'ક્વીઝ' સ્પર્ધામાં એગ્નેલો આર. ટેલીશ એમ.કોમ. સેમ. ૨ તથા વિશ્વદીપ ડે બી.કોમ સેમ.૬ દ્વિતીયક્રમે રહ્યા હતા. જ્યારે ''પોટમેકીંગ'' સ્પર્ધામાં શીફા વ્હોરા બી.કોમ. સેમ.૬, દ્વિતીય ક્રમે તથા પી.પી.ટી. પ્રેઝન્ટેશનમાં એગ્નેલો આર. ટેલીશ એમ.કોમ. સેમ.૨, તૃતીયક્રમે તથા ''ડબલ એક્ષટેમ્પોર'' સ્પર્ધામાં એગ્નેલો આર. ટેલીશ એમ.કોમ. સેમ.૨ તૃતીયક્રમે રહ્યા હતા.

- **Kum. Banshee S. Bhatt,** M.Com. IV semester Student of Department of Business Studies, S.P. University, V. V. Nagar participated in the National Conference on "Emerging Trends and Revitalization of Commerce Education in India - EMCOM-2015" organised by Department of Commerce, M.K. Bhavanagar University, Bhavnagar held on February 14, 2015. She presented the paper on "Higher Education in Commerce : Challenges & Opportunities".

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના એમ.કોમ. સેમ.-૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થી હિરેન સી. શાહ કે જેઓ તાજેતરમાં નાસિક મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ ડીઆઈડીએસ (ડાન્સ ઈગતપુરી ડાન્સ સીઝન)માં ૩-૨-૨૫ના રોજ 'બેસ્ટ પર્ફોર્મન્સ (કથક)'નો એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના ટી.વાય.બી.કોમ.નાં વિદ્યાર્થિની સ્મિતા પી. પરમાર બાવીસગામ બી.એડ. કોલેજ (વ.વિ.નગર) દ્વારા યોજાયેલ આંતર કોલેજ નિબંધ લખીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત વલ્લભ વિદ્યાનગરની એન.વી. પટેલ સાયન્સ કોલેજની વિદ્યાર્થીની કુ. માનસી મનીષ પટેલે તા. ૧૯ ડિસેમ્બર ૨૦૧૪ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ દરમ્યાન નાશિક મુકામે ફૂટબોલ -ટેનિસ એસોસિએશન ઓફ નાશિક અને મહારાષ્ટ્ર ફૂટબોલ-ટેનિસ એસોસિએશન દ્વારા આયોજિત રાષ્ટ્ર કક્ષાની જુનિયર ફૂટબોલ-ટેનિસ (ટ્રિપલ) સ્પર્ધામાં ગુજરાત રાજ્યની ટીમના સભ્ય તરીકે રાષ્ટ્ર કક્ષાએ પ્રથમ સ્થાન તથા ગોલ્ડ મેડલ હાંસલ કરીને

કોલેજ તથા સમગ્ર વિદ્યાનગર કેમ્પનું ગૌરવ વધાર્યું.

- **બાવીસ ગામ બી.એડ્. કોલેજ** દ્વારા યોજાયેલ આંતર કોલેજ ચેસ સ્પર્ધામાં કોલેજના પ્રશિક્ષણાર્થી **પ્રદીપકુમાર** સી.ઝાંઝરે પ્રથમ ક્રમે વિજયી થઈ સર્ટિફિકેટ અને શિલ્ડ મેળવ્યા હતા. આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા યોજાયેલ આંતર કોલેજ કાવ્યગાન સ્પર્ધામાં કોલેજના પ્રશિક્ષણાર્થી ભાભોર પૂજા સી. – હિન્દી કાવ્યમાં તથા હેતલ આર. પરમાર અંગ્રેજી કાવ્યમાં દ્વિતીયક્રમે વિજેતા થઈ પ્રમાણપત્ર અને શિલ્ડ મેળવ્યા હતા. જે.સી.આઈ. મિલ્કસિટી આણંદ દ્વારા આયોજીત આરતી સુશોભન સ્પર્ધામાં દ્વિતીયક્રમે વિજયી થઈ પ્રમાણપત્ર અને શિલ્ડ મેળવ્યા હતા. લોકવિજ્ઞાન કેન્દ્ર વિદ્યાનગર દ્વારા આયોજીત વિશ્વ વસ્તી દિન નિબંધ સ્પર્ધામાં કોલેજના પ્રશિક્ષણાર્થી સોહાનાબેન આઈ. વહોરા તૃતીય ક્રમે વિજયી થઈ પુરસ્કાર તથા શિલ્ડ મેળવ્યો હતો.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ દ્વારા સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ વર્કસ તથા સુરક્ષા સેતુ સોસાયટી, આણંદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ચર્ચા સભા ''સીધી બાત પોલીસ કે સાથ'' સ્પર્ધાત્મક કાર્યક્રમમાં અ ા ણ ં દ લૉ કોલેજના વિદ્યાર્થીઓ કુ. ધ્રુતિ પંડ્યા (એસ.વાય.બી.એ. એલએલ.બી.), દ્વિતીય ક્રમે તથા હિરેન સોમૈયા (એલ.એલ.એમ.) તૃતીય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

- આણંદ કોલેજ ઓફ એજ્યુકેશનમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતી નિમિત્તે લગ્નગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંકે ભાવના રોહિત, સ્મિતા પટેલ, નિકિતા પંડ્યા, જીનલ પંડ્યા, આરતી શુકલ, મિત્તલ રાઠોડ આવ્યા હતા. અને તૃતીય ક્રમાંકે અમી પટેલ, અંજના પઢિયાર, પાયલ પરમાર, હર્ષા વાઘેલા, હિના સુથાર અને કલ્પના ચૌહાણ વિજેતા જાહેર થયા.

- બાવીસગામ બી.એડ્. કોલેજમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે ''યુવાનોને સ્વામી વિવેકાનંદનો સંદેશ'' વિષય પર યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં તાલીમાર્થી યામિનીબેન કાછીયા પ્રથમ નંબરે આવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રશિક્ષણાર્થી પ્રિયંકા ડી. પટેલે સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ દ્વારા આયોજીત વિવેકાનંદ સેન્ટર ઓફ પોઝિટિવ થિંકિંગ એન્ડ કાઉન્સેલિંગ – રાજ્ય સ્તરની કોલેજ નિબંધ લેખન સ્પર્ધામાં દ્વિતીય ક્રમ મેળવી રૂા. ૫૦૧/– તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું હતું.

- અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગમાં પ્રો. (ડૉ.) સંદીપ કે. ભટ્ટના માર્ગદર્શનમાં નીરવ એસ. જોષી અને કુ. પોરૌડી જરાસ્પૌજ ખુલુંગકોરને એ તાજેતરમાં તેમની પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે.

- અમદાવાદ મુકામે તા. ૨૭–૨–૨૦૧૫ના રોજ એલ.ડી. આટ્ર્સ કૉલેજમાં યોજાયેલ શ્રીમતી જયાબેન શિવપ્રસાદ દવે વિજયપદ્મ સ્પર્ધા–ગીતા જયંતી સ્પર્ધામાં પાલી–પ્રાકૃત–સંસ્કૃત અનુસ્નાતક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પંડ્યા અક્ષયકુમાર મહેન્દ્રકુમાર, જોષી ધાર્મિક અતુલભાઈ, રાઉલજી શૈલેષસિંહ મોહનસિંહે વિભાગનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જેમાં વિવિધ યુનિવર્સિટીઓના ૬૦ જેટલા પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો, આ સ્પર્ધામાંથી વક્તૃત્વસ્પર્ધામાં વિભાગના વિદ્યાર્થી જોષી ધાર્મિક અતુલભાઈ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. સ્પર્ધામાં

# The C C Patel Community Science Center

## YEAR 2014-15

The C C Patel Community Science Center situated at Sardar Patel University, Vallabh Vidyanagar is the only Science Center associated with a University. This year was a special year for the CSC. It came into existence on 8th June 2004 and thus completed its **10 glorious years** of activities. The Center has a three storied building with a seminar room, project and exhibition hall and a multipurpose hall and also has a backyard to conduct programs. The CSC has a man power of two science communicators and an Hon Director and Hon. Advisor. The CSC also has more than 100 volunteers, including University Professors, technical staff and Ph D, PG and UG students.




Like every year, this year i.e. 2014-15 our centre organized various activities for school, colleges and society in the Community Science centre and at various other places, individually and in participation with other agencies. We organized total 250 scientific awareness programs including workshops, seminars, popular lectures, competitions, exhibitions, demonstrations, training, quiz, projects, movie shows, radio talks, interviews, science school and club activities, vigyan safar, visits, sky gazing and astronomy, celebration of various days like Earth day, Environment day, Biodiversity day, Technology day, Population day, Akshay urja divas, Radio day, Science day etc. The programs involved participation of various sections of society of Anand district and were appreciated by all sections of society and were also given ample coverage in the media. Our activities are also well recognized and responded to by news papers, social media like Facebook and WhatsApp. Our activities reached to more than 15000 beneficiaries and was witnessed by many more through social media, our website and through Community Radio Station **"Radio Campus" 90.4 FM**. The C C Patel Community Science Center had a fairly good visibility in the district and outside throughout the year.

Our major attractions this year were:

**1) Vacation Camps:**

This year we organized two batches of Summer Science Camp for 7 days each. The programs included Experiments with Science, Rocket modeling and launching, hovercraft making, science toys, environment tour, fun with maths, microscopy, reptile awareness, sky gazing, movie show, demonstrations and students presentations. More than two hundred students participated enthusiastically along with some parents and grandparents.

**2) National Level Competitions:**

CSC organized District level competition for four National Competitions viz. National Science Seminar, National Rural IT quiz, National Science Drama and National Children's Science Congress. Large number of schools from all over the district participated in these events. The District level winners were awarded attractive prizes and alos represented our district at State level competitions organized at Gujarat Science City.

**3) Research Scholars Meet:**

A research level one day seminar was organized in collaboration with Gujarat Science Academy at CHARUSAT, Changa where more than 150 researchers deliberated on various areas of Science.

**4) Anveshan 2015:**

This year the third Project competition for UG and PG students was organized where about 50 Science projects were demonstrated by Students and about 1200 school students and other visitors benefitted from it.

**5) Celebration of various Days:**

Celebration of various days like Earth day, Environment day, Technology day, Population day, Akshay urjaa divas, Nutrition week, Wildlife week, Dr Vikram Sarabhai Elocution, Hiroshima day and Science day. Whole month of February was celebrated as National Science Day where about 25 programs were organized at different places for polularization of Science in Society.

**6) Science Movie Club:**

We started weekly program on Science related films where films and documentaries on Science, environment nature wildlife etc are shown alongwith scientific explanation and group discussions.

**7) Community Radio:**

The CSC programs are broadcasted regularly on 90.4 FM radio Campus. This year 15 radio programs on various subjects and occasions were broadcasted.

**8) Other Programs:**

CSC conducted other programs like teachers training, Science visits, Energy devices demonstrations, Gynecologists counseling to teenage girls, andhshraddha nivaran, Biotechnology awareness programs etc.

**9) Collaborations:**

Agastya Foundation - CSC collaborated with Agastya Foundation, Bangalore, a like minded group working nationwide, for various activities like science projects' exhibition, model making, science on wheels etc.

BioAcorn - A Biotechnology exhibition is housed at CSC by GSBTM under Biotechnology Awareness Program. The demonstrations and other programs like visit to agroindustry and Biodiversity awareness programs were organized under their auspices.

Colleges - NVPAS, N H Patel College of Education, S M Patel College and P G Department of Home Science, M B Patel Science College, ARIBAS, Various P G Departments of University, CHARUSAT, GSA and some other agencies like VNC, JCI, Sanskar Mandal collaborated with CSC for various science activities throughout the year.

**10) Volunteers of CSC:**

The CSC started Registration of Volunteers and this year we registered 125 volunteers who can contribute selflessly to the activities through their knowledge and awareness in Science. They include students, teachers, other citizens, social workers, MSW program students and also Hon. Vice-Chancellor of our University.

# ‘સંગ્રહાલય’વૃત્ત

## યુનિવર્સિટી મ્યુઝિયમમાં આયોજીત કાર્યક્રમની વિગત



‘રાગમાલા’ એટલે રાગની માળા અથવા રાગોની સુમધુર-શૃંખલા. શબ્દ રાગમાલાનો અર્થ સંગીતના સ્વરોની કે રાગોની રચના કે માળા એવો થાય છે આગળ જતાં રાગમાલા લઘુચિત્રશ્રેણીને જન્મ આપ્યો. સંગીતના ઘરાના અને તેના રચયિતા મુજબ રાગોની વિવિધ યાદીઓ ઉપલબ્ધ છે. પ્રાચીન ભારતીય સાહિત્યની અનેક રચનાઓમાં રાગમાલાનો ઉલ્લેખ મળે છે. શીખ ધર્મના ધર્મગ્રંથ ગુરુગ્રંથસાહિબમાં રાગમાલા શીર્ષક હેઠળ ભારતીય શાસ્ત્રીય અનેક રાગોનો સમાવેશ જોવા મળે છે.

ચિત્રકળા એ આપણી અંતર્ગત લાગણીઓ અને વિચારોને પ્રગટ કરવાનું એક મહત્ત્વનું માધ્યમ છે. ઇતિહાસના આરંભ અગાઉ ઘણી સદીઓ પૂર્વે પાષણ યુગના મનુષ્યોએ તેમના ગુફાઓમાં વસવાટ દરમ્યાન ઘણાં ભીંત ચિત્રોનું સર્જન કર્યુ હતું.આ પ્રકારનું સર્જન એ આપણા પૂર્વજોમાં રહેલી કળા પ્રત્યેની સંવેદનશીલતા તથા સર્જનાત્મકના દર્શન કરાવે છે.

ભારતમાં લઘુચિત્રો સૌપ્રથમ પૂર્વોત્તર ભારતના બૌદ્ધ ગ્રંથોમાં નિરૂપણ સ્વરૂપે જોવા મળે છે. જયારે પશ્ચિમ ભારતમાં ઈ.સ.૧૧મી-૧૨મી સદીના જૈન ગ્રંર્થોમાં જોવા મળે છે. ઈ.સ.૧૫મી સદી દરમ્યાન ભારતીય લઘુચિત્રકળા પર ફારસ પ્રભાવ વિશેષ રૂપે દેખાઈ આવે છે. પશ્ચિમ ભારતમાં રચિત ‘‘કલ્પસૂત્ર’’માં વ્યકિતરેખા સાથે હસ્તપ્રતો પર વિવિધ દ્રશ્યોનું નિરૂપણ જોવા મળે છે.મુઘલ-ચિત્રકળાનો વિકાસ બાદશાહ અકબરના શાસનકાળ દરમ્યાન ઈ.સ.૧૫૬૦માં થયો હતો. ઈ.સ. ૧૬મી-૧૭મી સદી દરમ્યાન અહમદનગર,બીજાપુરઅને ગોલકોંડામાં દખ્ખન-શૈલીના લઘુચિત્રોનો ઉદય અને વિકાસ થયો. શરૂઆતમાં આ શૈલી મુઘલ-શૈલીથી સ્વતંત્ર હતી પરંતુ બાદમાં ૧૭મી-૧૮મી સદીમાં મુઘલ-શૈલીનો પ્રભાવ જોવા મળે છે.રાજસ્થાની અને પહાડી-શૈલી પર મુખ્યત્વે ભારતનાં મહાકાવ્યો, ધાર્મિક ગ્રંથો,પુરાણ,સંસ્કૃત કાવ્યો, સંગીત, રાગ-રાગિણી,લોકગાથાઓ વગેરેનો પ્રભાવ જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિના વિષયવસ્તુ પર આધારિત આ શૈલીમાં વિષ્ણુ,શિવ અને શકિતનાં સ્વરૂપોને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ પહાડી પ્રદેશ,પંજાબ,જમ્મુ અને કાશ્મીર અને ઉતર પ્રદેશના કેટલાંક વિસ્તારોનો સમાવેશ થાય છે. આ પહાડી પ્રદેશ મુખ્યત્વે નાના-નાના રજપૂત રજવાડાઓમાં વિભાજિત હતો જે હંમેશાં ગૃહ યુદ્ધોમાં અટવાયેલા રહેતાં. તદઉપરાંત ઈ.સ. ૧૭મી થી ૧૯મી સદીના મધ્યકાળ સુધીના સમયકાળ દરમ્યાન આ રાજયો લઘુચિત્રકળા સર્જનનાં કેન્દ્રો હતાં.

વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાં આવેલ મ્યુઝિયમ વિભાગમાં ૭મી ફેબ્રુરીઆરીએ મ્યુઝિયમના સ્થાપના દિવસના ઉપલક્ષે તા.૭ મી ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું રાગમાલા નામના આ

પ્રદર્શનમાં સંગીતના રાગ અને ચિત્રકળા એમ બન્ને ગહન વિષયોને આવરી લેતા અતિશય સુંદર એવા લઘુ-ચિત્રોને પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રદર્શનમાં મ્યુઝિયમ ખાતે શ્રીમ હેન્ડી ક્રાફ્ટ, અમદાવાદ સાથેના સંયુક્ત ઉપક્રમે ભારતીય શાસ્ત્રીય સંગીતના રાગ-રાગિણી પર આધારિત રેશમના કાપડ પર ખૂબ જ બારીકાઈથી દોરેલાં લઘુચિત્રો અને પીછવાઈ પ્રદર્શિત કરવામાં આવ્યા. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. હરીશ પાઢ તેમજ આણંદ ફિલાટેલિક એસોસિએશનના પ્રમુખ શ્રી પ્રથમેશ પટેલના હસ્તે તા. ૭ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું.

આ ચિત્રોમાં મુખ્યત્વે તોડી, ભૈરવી, વસંતી, કમોદી, કકુભ, ગૌરી, કચેલી, ગુણકલી વગેરે રાગિણીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. સંગીતના સ્વરો માત્ર સાંભળી શકાય, ગાઈ શકાય કે વગાડી શકાય છે. જ્યારે આ પ્રદર્શનમાં મુલાકાતીઓએ રાગ રાગીણીઓને નાયક-નાયિકા સ્વરૂપે વિભિન્ન રૂપ રંગમાં નીહાળ્યા. પ્રદર્શનના મુલાકાતીઓ માટે તે એક અવિસ્મરણીય અનુભવ હતો. ઉપરોક્ત રાગિણીઓના અસલ લઘુચિત્રો સાથે મ્યુઝિયમ વિભાગે રાગમાલામાં સમાવિષ્ટ મુખ્ય ૬-રાગ, ૩૦-રાગિણી ઉપરાંત ૪૮-રાગપુત્રોને પોસ્ટર સ્વરૂપે પ્રદર્શિત કર્યા હતાં. સદર પ્રદર્શનમાં નયનરમ્ય એવા લઘુચિત્રો સાથે મુલાકાતીઓએ મંદ સ્વરોમાં વાગતા સંતૂર અને વાંસળીના સૂર તેમજ તબલાના લયબદ્ધ તાલવાળા ધ્વનિમુદ્રિત શાસ્ત્રીય સંગીતનો દર્શકોએ પણ લહાવો લીધો હતો.

પ્રદર્શનમાં પ્રદર્શિત કળાકૃતિઓ શ્રીમ હેન્ડીક્રાફ્ટ સાથે સંકળાયેલા કલાકારો દ્વારા બનાવવામાં આવી હતી. આ સંસ્થાના સંચાલક શ્રી રાજેન્દ્રભાઈ પારેખ માત્ર નફા ખાતર નહીં પણ આપણા અમૂલ્ય વારસાને ટકાવી રાખવા સતત પ્રયત્નશીલ રહે છે. તેઓ ચિત્રકારોને તેમની પ્રતિભાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રદર્શિત કરી સામાજિક સન્માનની સાથે આર્થિક ઉન્નતિ મેળવી આપવામાં મદદરૂપ થાય છે.

મ્યુઝિયમ વિભાગના અધ્યક્ષ અમોલ મોહિતેએ જણાવ્યું કે યુનિવર્સિટી મ્યુઝિયમ દ્વારા આયોજિત આ પ્રદર્શનનો હેતુ લઘુચિત્રકળાને મુલાકાતીઓ સમક્ષ ઉજાગર કરવાનો છે. ભૂતકાળમાં આવાં લઘુચિત્રો બનાવનાર કલાકારોને રાજાઓ રાજ્યાશ્રય આપતા, પરંતુ આજના આધુનિક યુગમાં તેઓને પોતાની કલાને જીવિત રાખવા માટે સતત ઝઝૂમવું પડતું હોય છે. આવા કલાકારો માટે સરદાર પટેલ યુનિવર્સિટીમાં આવેલ મ્યુઝિયમ વિભાગ આવી અનેક પ્રવૃત્તિઓ યોજવા ઉત્સુક રહે છે.

## ચલણી નોટો પર આધારિત 'રૂપયે'નામના પ્રદર્શનનું આયોજન

તા. ૧૭ થી ૨૦ ડિસેમ્બર ૨૦૧૪ દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમમાં એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું. ''રૂપયે'' નામના આ પ્રદર્શનમાં રિઝર્વ બેંક દ્વારા છપાયેલ આશરે ૧૯૪૦થી આધુનિક સમય સુધીની ચલણી નોટો પ્રદર્શિત કરવામાં આવી. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના ઓ.એસ.ડી. તથા કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. મોહનભાઈ પટેલના હસ્તે તા. ૧૭ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું.

આ પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવેલ ચલણી નોટો શ્રી મૂકેશભાઈ શાહના પુરતન સંગ્રહનો એક ભાગ છે. આણંદમાં એકાઉન્ટન્સીનું કાર્યાલય ધરાવનાર શ્રી મુકેશભાઈને માત્ર ૨૦ વર્ષની ઉમરે ચલણી નોટો અને અવનવી કલાત્મક વસ્તુઓ એકત્ર

કરવાનો શોખ જાગ્યો હતો જેને તેમણે વ્યવસ્થિત આયોજનપૂર્વક વિકસાવ્યો. ૧૦ રૂપિયાની નોટથી શરૂઆત કરેલા તેઓના સંગ્રહમાં આજે દેશ-વિદેશની અનેક દુર્લભ ચલણી નોટોનો સંગ્રહ છે.

મૂકેશભાઈ 'ફ્રેન્ડસ્ ઓફ મ્યુઝિયમ'' નામે એક શોખવૃંદ સાથે સંકળાયેલ છે જેમાં તેમના જેવા અન્ય ઘણા સભ્યો છે જે ચલણી સિક્કા, નોટો, ટપાલ ટીકિટો તથા પુરાતન ચીજવસ્તુઓના સંગ્રહ કરવાનો શોખ ધરાવે છે. આ તમામ સભ્યો કોઈપણ વ્યવસાયિક હેતુ વગર સ્વૈચ્છિક રીતે પ્રદર્શનો ઉપરાંત સેમિનાર અને કાર્યશાળા ઇત્યાદિ પ્રવૃત્તિઓ કરે છે.

મ્યુઝિયમમાં પ્રદર્શિત ચલણી નોટોમાં બ્રિટિશ રાજા જ્યોર્જના ફોટોવાળી રૂ. ૧, ૨, ૫, ૧૦ની ચલણી નોટો તથા રિઝર્વ બેંકના અત્યાર સુધી થઈ ગયેલા તમામ ગવર્નરોની સહી વાળી વિવિધ મૂલ્યની ચલણી નોટોનો સમાવેશ છે. આ ઉપરાંત ખાદી ખરીદવા માટે આધુનિક સમયના પ્રિપેઈડ વાઉચરની જેમ ઉપયોગમાં લેવાતી રૂ. ૨, ૫, ૧૦ના દરની ખાદી હૂંડીઓ પણ છે જેનું ચલણ ૧૯૫૨થી બંધ કરાયું હતું. પ્રદર્શનમાં રૂ. ૧ થી ૧૦૦૦ની વિવિધ મૂલ્ય, ડિઝાઈન અને રંગોવાળી અનેક નોટો મુલાકાતીઓને નિહાળવા માટે મૂકવામાં આવી હતી. મોરારજી દેસાઈના સમયમાં રિઝર્વ બેંક દ્વારા પરત ખેંચાયેલ રૂ. ૧૦૦૦ના દરની નોટનો પણ તેમાં સમાવેશ થાય છે, તેમજ વર્તમાન સમયની ૧૦૦ની નોટના આકારથી બે ગણો મોટો આકાર ધરાવતી રૂ. ૧૦ની નોટ પ્રદર્શિત કરવામાં આવી હતી. ચરોતરના આઈ.જી.પટેલ (૧૯૭૭ થી ૧૯૮૨) જ્યારે રીઝર્વ બેંકના ગવર્નર બન્યા હતા તેમની સહીવાળી નોટો પણ અહીં પ્રદર્શિત કરવામાં આવી હતી.

## સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમ વિભાગે સૃષ્ટિ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ ખાતે ''કલાસૃષ્ટિ'' કાર્યક્રમમાં ભાગ લીધો

## રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ-જનજાતિ આયોગની રિવ્યૂ બેઠક સરદાર પટેલ યુનિવર્સિટીમાં યોજાઈ



તારીખ ૨ મે ૨૦૧૫ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના સિન્ડીકેટ હોલમાં અનુસૂચિત જાતિ-જનજાતિ રાષ્ટ્રીય આયોગના સભ્યશ્રી રાજુભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને સરદાર પટેલ યુનિવર્સિટીમાં અનામત જગ્યાઓ ભરવા માટે આયોગના સભ્ય અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. હરીશ પાઢ અને યુનિવર્સિટીના ઓ.એસ.ડી. કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. મોહનભાઈ પટેલ અને એસ.સી., એસ.ટી. સેલના વડા તમજ અન્ય હોદ્દેદારો સહિત એસ. સી., એસ.ટી. સેલના લાયઝન ઓફિસર પ્રા. પી.એમ. પરમાર અને ગુજરાત રાજ્ય અનુસૂચિત જાતિ-જનજાતિ અધ્યાપક મંડળના ઉપપ્રમુખ ડૉ. બલદેવ આગજા ઉપરાંત એસ.સી., એસ.ટી. સેલના એડવાઈઝરી કમિટીના તમામ સભ્યો સાથો સાથ શૈક્ષણિક-બિનશૈક્ષણિક એસેશિયેશનના હોદ્દેદારો આ બેઠકમાં હાજરી આપી હતી. યુનિવર્સિટીની અનામત નીતિઓનો ચૂસ્તપણે અમલ થાય તે વિશે કમિટીમાં સઘન ચર્ચા થઈ હતી. રાજીવ ગાંધી ફેલોશીલ, અનુસૂચિત જાતિ, જનજાતિના વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ માટે ત્વરિત નિર્ણય લેવાયો અને વર્ષ ૨૦૧૫-૧૬માં સ્નાતક

## ‘સ્વામી વિવેકાનંદ ક્રીડાસંકુલ’
## યુવિ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ
## સભ્યપદ માટે માસિક ભાડું

| ક્રમ | રમત | વિદ્યાર્થી | યુનિ. કર્મચારી | અન્ય |
|---|---|---|---|---|
| ૧ | બેડમિન્ટન | રૂા. ૨૦૦ | રૂા. ૩૦૦ | રૂા. ૪૦૦ |
| ૨ | ટેબલ-ટેનિસ | રૂા. ૧૦૦ | રૂા. ૨૦૦ | રૂા. ૨૫૦ |

ફી એક સત્ર કે વર્ષની સામટી ભરવાની રહેશે.

## દિવસદીઠ મેદાનનું ભાડુ

| ક્રમ | રમત | સમય | યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તથા અનુસ્નાતક વિભાગો માટે | અન્ય |
|---|---|---|---|---|
| ૧ | બેડમિન્ટન | સવારે ૮.૦૦ થી ૫.૦૦ સુધી | રૂા. ૨૫૦૦ | રૂા. ૫૦૦૦ |
| ૨ | ટેબલ-ટેનિસ | સવારે ૮.૦૦ થી ૫.૦૦ સુધી | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૦૦૦ |
| ૩ | બાસ્કેટબોલ<br>વોલીબોલ<br>હેન્ડબોલ | સવારે ૮.૦૦ થી ૫.૦૦ સુધી | રૂા. ૨૫૦૦ | રૂા. ૫૦૦૦ |

## Subscribe Today

**Annual**

Students : ₹ 50.00

Others : ₹ 75.00

Institutions : ₹ 200.00

**Life**

Faculty & Staff : ₹ 1000.00

Institutions & Individuals : ₹ 2000.00

Lifetime Subscription in Foreign Exchange:

US $ 200.00 € 150.00 £ 150.00

Contact: Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* invites news of University's academic institutions, teaching and non-teaching staff, and of students. News should be sent to *Sheel Shrutam* so as to reach fifteen days before the date of publication.

**Contact:** Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.

Email: **sheelshrutam@gmail.com**

Website: **www.spuvvn.edu/academics/publications/**

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.